# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 9 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH DECEMBER 2018 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


અનંત લબ્ધિનિધાનાય
શ્રી ગૌતમસ્વામિને નમઃ

શ્રી પદ્મપ્રભસ્વામીને નમઃ
મહારાષ્ટ્રરાજ્યે...ખાનદેશ પ્રદેશે

ગચ્છાધિષ્ઠાયિકા
શ્રી મહાકાલીકાયૈ નમઃ ।

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ચાલીસગામ તીર્થે

## મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામી નૂતન બિંબ નગરપ્રવેશ
## તથા ગભારા પ્રવેશ ના પુનિત પ્રસંગે

**દિવ્યકૃપા**

અચલગચ્છાધિપતિ...... પ.પૂ.આ.ભ. શ્રી. ગુણસાગરસુરીશ્વરજી મ.સા.
આગમ અભ્યાસી.......... પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.
શાસનપ્રભાવિકા............ પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
અમારા સંઘના ગુરૂમૈયા...... પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

**શુભાશીર્વાદ**

ચાલીસગાંમ તીર્થોદ્ધારિકા .....
પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.
પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.

**પાવનનિશ્રા**

વાત્સલ્યમૂર્તિ... પ.પૂ. વિમલગુણાશ્રીજી મ.સા. નાં સુશિષ્યા
પ.પૂ. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.
પ.પૂ. અક્ષયપૂર્ણાશ્રીજી મ.સા.
પ.પૂ. ઋજુપૂર્ણાશ્રીજી મ.સા.

## ભાવભર્યુ નિમંત્રણ

**નગરપ્રવેશ-ગભારા પ્રવેશ**

માગસર સુદ ૮
તા. ૧૪/૧૨/૨૦૧૮
શુક્રવાર

ધર્માનુરાગી.............................................................................. .

પ્રણામ પૂર્વક જણાવવાનું કે, અમારા પદ્મપ્રભ સ્વામી તીર્થ નાં પુનરુદ્ધાર નો પાવનપ્રસંગ, મહાન પુણ્યોદય અમને પ્રાપ્ત થયો છે. આ સુઅવસર ને સંઘ નાં દરેક દરેક ભાવિક હૃદયની ઉત્કટ ભક્તી થી વધાવવાને ઇચ્છે છે. શ્રી પદ્મપ્રભ સ્વામીનાં નયનરમ્ય ભવ્યાત્માઓનાં નેત્રોને અમૃતાંજન રૂપ, વીતરાગમુદ્રા સૂચક મનોહર બિંબ ભરાવી અનેક મનોરથો...આરાધના... જાપ ના ભાવોથી ભાવિત કરી...કચ્છમાં પુણ્યશાળી ક્ષેત્ર શ્રી નરેડી સંઘમાં....ગચ્છાધિપતિશ્રીજીનાં પુનિત કરકમલ વડે અંજન કરાવી...સાક્ષાત તીર્થાધિપતિ સ્વરૂપને પામેલા પ્રભુનો નગરપ્રવેશ....ગભારા પ્રવેશ સાથે સાથે અમ સહુંના મનોમંદિરમાં પ્રવેશ કરાવવાના ધન્યઅવસરે આપસહુને આમંત્રણ આપતા આનંદ અનુભવાયે છે.

નગરપ્રવેશના પ્રસંગે સાજન-મહાજન સહપધારી શાસન શોભામાં અભિવૃદ્ધી કરશોજી.

* મહોત્સવ સ્થળ *

**શ્રી પદ્મપ્રભસ્વામી જૈન દેરાસર,**
સ્ટેશન રોડ, **ચાલીસગામ,**
જિ. જલગામ

▪ નિમંત્રક ▪

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન**
**જ્ઞાતિ મહાજન ચાલીસગામ તીર્થ વતી**
શેઠ શ્રી જવેરચંદ વેલજી મોમાયા-સાયંરા
મા. સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા - વારાપધ્ધંર

સંપર્ક સુત્ર : શા. ઇંદ્રેશ પોલડિયા - ૭૫૮૮૬૪૭૯૦૩, શા. ચંદ્રેશ લોડાયા - ૯૪૨૨૭૭૯૭૨૧

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

Estd. 1954

# SPARDHA 2K18


Blazing Blue Winner - Human Basket Ball


Blazing Blue Winner - Lagori


Blazing Blue Winner - Spider Web


Green Gremlins Winner - Tug of War


Orange Oracles Winner - Fun Game


Green Gremlins Winner - 3 Legged Football


Felicitation Event Sponsor Shri Ketulbhai Virchand Poladia


Trophies Sponsor Shri Ashokbhai N. Lapasia (Mahavir Trophies)


Winning Team ORANGE ORACLES


Orange Oracles Winner - Kho-Kho


Orange Oracles Winner - Square Ball


1st Runner Up GREEN GREMLINS


2nd Runner up YELLOW NINJAS


3rd Runner up BLAZING BLUES


Felicitation of Media Partner Gurjarmat Shri Jayantbhai Chheda

Follow Us on Social Media| / shreekdovs

અહેવાલ સમાચાર વિભાગમાં

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
ઉદયન લાલજી લોડાયા
કેશરસિંહ આણંદજી ખોના
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. ૯**
**Date : 5-12-2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

કચ્છ, નલિયા ખાતે તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન આયોજીત ચોથા જ્ઞાતિ સંમેલન માટે સમગ્ર જ્ઞાતિ સુસજ્જ બની છે. આ સંમેલનમાં યુવાનો તથા મહિલાઓ સક્રિય રીતે સહભાગી બનવાના હોઇ તેમના માટે વિશેષ સત્રોનું આયોજન કરાયું છે. ભારતભરમાંથી ૧૪૦૦થી વધુ પ્રતિનિધિઓ સંમેલનમાં સહભાગી બનશે એવી ધારણાં છે.

સમગ્ર જ્ઞાતિ ઉત્સાહથી આ સંમેલનને સમર્થન આપી રહી છે. એટલે જ્ઞાતિના વિકાસ અને ઉત્કર્ષના મજબૂત પરિણામો માટે આશા રાખી શકાય. આ અગાઉના ત્રણ સંમેલનો ઇ.સ. ૧૯૪૭, ઇ.સ. ૧૯૭૯ અને ઇ.સ. ૧૯૯૧માં યોજાયા હતા અને આ સંમેલનોમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લઇને ઠરાવો પસાર થયા હતા પરંતુ એમાંના અનેક ઠરાવો ફક્ત કાગળ ઉપર જ રહ્યા જેના ઉપર કોઇ અસરકારક કામગીરી ન થઇ. સમસ્ત મહાજનની વર્તમાન કમિટિએ આ અંગે વિશેષ ધ્યાન આપી નિર્ણયો ઉપર કામગીરી થાય એ જોવાનું રહેશે. છેલ્લા ત્રણ સંમેલનો જ્ઞાતિ માટે ફળદાયી જ રહ્યા છે. આજના આધુનિક સમય અને દોડધામ ભર્યા જીવનમાં જ્ઞાતિના યુવાનો ઇચ્છે છે કે ૪થું સંમેલન જ્ઞાતિને નવા પરિવેશમાં આગળ લઇ જાય. સંમેલનનું લાંબા સમયગાળાનું આયોજન, પુષ્કળ ખર્ચ પછી ફક્ત કાગળ પરના નિર્ણયો બની રહેવાના બદલે પરિણામદાયક બની જ્ઞાતિને ઉત્કર્ષના માર્ગ પર લઈ જાય એ જરૂરી છે.

હું આશા રાખું છે કે સમસ્ત મહાજનની વર્તમાન કારોબારીએ આજની તારીખ મુજબ બધાજ નાના-મોટા મહાજનોની અસ્કયામતો અને મિલકતોની સર્વગ્રાહી માહિતી અને જ્ઞાતિની જરૂરતોનો તાગ મેળવી લીધો હશે તથા આ બધી માહિતી યોગ્ય ચર્ચા-વિચારણા માટે સંમેલનમાં ભાગ લેનારાઓ સમક્ષ રજુ કરાશે.

સંમેલનમાં પ્રસ્તાવિત ઠરાવો સમસ્ત મહાજન દ્વારા મહાજનો અને સંમેલનમાં ઉપસ્થિત રહનારા જ્ઞાતિજનોને અગાઉથી આપવામાં આવે તો તે અંગે વિશદ ચર્ચા થઇ શકે અને ફળદાયી પરિણામો પ્રાપ્ત થાય.

પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ સમસ્ત મહાજન અને સંમેલન આયોજન સમિતિને સફળતા માટે શુભકામનાઓ પાઠવે છે.

**- હિરાચંદ દામજી દંડ**

## ચર્ચાને ચોતરે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઇમેઇલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

**- તંત્રી મંડળ**

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**- તંત્રી મંડળ**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## તંત્રી પદેથી વિદાય લેતાં R.R. ને સો સલામ

છેલ્લા ૧૧ વર્ષથી આપણાં સમાજને જ્ઞાતિ સમાચારો, તંત્રી લેખો અને અન્ય માહિતીસભર લેખનોથી પરિપુર્ણ ''પ્રકાશ સમીક્ષા''નો રસથાળ મળતો રહે છે, તેનો યશ તેના સૂત્રધાર તંત્રી શ્રી આર. આર. નાગડાને ફાળે જાય છે.

નિરપેક્ષ ભાવે અસરકારક અને થોડાક જ શબ્દોમાં જાઝું કહી દેવાની કુનેહ, પ્રભાવશાળી ભાષામાં લેખન સામ્રગી તૈયાર કરી સમયસર છાપખાને મોકલવું, તે પણ વકીલાતની ધીકતી વ્યવસાયિક વ્યસ્તતામાંથી સમય કાઢી જ્ઞાતિને એક તાંતણે બાંધી રાખવાનું કામ કાંઇ સહેલું નથી જ.

ઉપરાંત ટ્રસ્ટોનું બંધારણ, સમાજના રીત રીવાજ અને સંઘની કાર્યપધ્ધતિ વિષે વિશેષ જાણકારી રાખી બધી જ કાર્યવાહીને પોઝીટીવ અભિગમ આપવું પડે. સાથે સાથે અંક મળ્યા નથી, મોડાં મળ્યા છે, તેમ જ જાહેરખબરોના બીલને ઉઘરાવવાની કાર્યવાહી ઉપર પણ દેખરેખ રાખવી પડે. ટુંકમાં બધાય વાચકવર્ગને સંતોષવાનો નેક પ્રયાસ કરી જ્ઞાતિની પ્રતિભા ખીલવવાનો પ્રયાસ સતત કરતા રહેવું, સમાજને જાગૃત રાખવો, સમાજની જરૂરિયાતોનું સંતુલન રાખવું અને તેને સફળતાપુર્વક પાર પાડવું તે R.R. નું જ કામ.

તંત્રી પદેથી વિદાય લેતા આ સંન્નિષ્ઠ સમાજ સેવકને સો સો સલામ છે.

– **C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા,** સામાજીક કાર્યકર

**ARIHANT BANK**
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ESTD. 1984
H.O.: GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai-83.

**1. Vacancy for the post of telemarketing executive (1 post).**
Excellent speaking skills in English, Gujrati and Kutchi and knowledge of computers.

**2. Vacancy for the post of substaff / peon (SSC pass) ( 5 vacancy)**
Interested candidate can send their application by post or courier at bank's head office OR by e-mail ceo@arihantbank.com

**H.O.:**
GB-10, A&B, Karma Stambh, LBS Marg, Vikhroli (West), Mumbai 400083.
(LAST DATE OF APPLICATION 15TH DECEMBER 2018)

**RR*ની કલમે***

# આપણી જ્ઞાતિભાવનાનું સંવર્ધન કરીએ

એક રીતે વર્તમાનમાં આપણી જ્ઞાતિનો ઉન્નતિકાળ ચાલી રહ્યો છે. બહુસંખ્ય જ્ઞાતિજનો ભૌતિક સંપત્તિની ઉર્ધ્વતામાં સધ્ધર બન્યા છે, પણ સર્વસામાન્ય દૃષ્ટિકોણથી જોઇએ તો તેની તુલનામાં જ્ઞાતિ માટેની ખેવનાનો આપણો વિચારપ્રવાહ પાતળો બની ગયો છે તે પણ હકીકત છે.

આપણે આપણા રહેણાકના શહેર-નગર-પરાં-વિસ્તારની ઓળખ ઓઢી લીધી છે તેમજ જ્ઞાતિ કરતાં પણ વતનના આપણા ગામ પ્રત્યે વિશેષતઃ વફાદાર હાઇએ તે રીતે સંકુચિત કોચલામાં પૂરાઇ ગયા છીએ.

આમ આપણી જ્ઞાતિભાવનાનું પોત ઘણી માત્રામાં ઘસાઇ ચૂક્યું છે એટલે તેના તાણાવાણા ક્રમશઃ બળવત્તર બને તે તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીએ તે જરૂરી બન્યું છે.

આસરે બસ્સો વર્ષ પહેલાં, આપણા નરપુંગવ શેઠ નરશી નાથાએ, આપણી દરેકની સાત-આઠ પેઢીઓ પૂર્વેના કચ્છમાં વસતા આપણા કોઇને કોઇ પૂર્વજ - વડવાને આગ્રહ કરી મુંબઇ બોલાવ્યા, તેમના ગામ-ઠામનો ભેદભાવ રાખ્યા વિના પોતાના રસોડે-રહેઠાણે સાર-સંભાળ-દરકારથી સ્વજનની જેમ સાચવ્યા અને તેમને વેપાર-ધંધાની નવી જીવનશૈલી અપનાવવા તાલીમ આપીને મુંબઇ અને દેશાવરોમાં સ્થાયી કર્યા, તે ઉદગમનો કાળખંડ અને આવનારી અનેક પેઢીઓ સુધી શાશ્વત રહે તેવા આસ્થા સ્થાન સ્વરૂપ અનંતનાથજી જિનાલયનું નિર્માણ કર્યું. જેને લીધે આપણી જ્ઞાતિને મુંબઇના અન્ય સમાજોમાં કચ્છી દશા ઓશવાલ તરીકેની ઓળખ અને નામના-પ્રતિષ્ઠા આપ્યાં. આમ શેઠશ્રી અને આ તીર્થ બંને અભિન્નપણે આપણી સ્મૃતિવંદનામાં ચિરંજીવી રહેવા જોઇએ પરંતુ અજાણપણે પણ આપણાથી અત્યારે તે વિસ્મૃત થતા જાય છે તેને કારણે જ આપણી જ્ઞાતિખેવનાનું પોત નબળું પડ્યું છે તેમ કહીએ તો તેમાં કોઇ અતિશયોક્તિ થતી નથી.

બે સદીઓથી આપણે શેઠશ્રીને પ્રાતઃ પ્રાતઃસ્મણીય વિભૂતિ તરિકે ઉપકૃત ભાવસભર વંદન કરીને કોઇ પણ કાર્યક્રમ-પ્રવૃત્તિનો પ્રારંભ કરીએ છીએ પણ તે પછી આચરણમાં તેનું અવતરણ કરતા નથી તે કડવું સત્ય પણ આપણને જરા ય અખરતું નથી.

આમ છતાં, આપણી મંદ થયેલી પકડને પાછી મજબુત કરવાનો આશાવાદ ઉજાગર કરવાનું બહુ મુશ્કેલ નથી. આપણા કુટુંબોમાં ખાસ કરીને બાળકો-કિશારો-યુવાઓને આપણી વર્તમાન સ્થિતિપાત્રતા અને ક્ષેમકુશળતા માટે, આ મૂળ સ્ત્રોત અને પરમ આસ્થાના પ્રતીકો પરત્વે શ્રેય-સ્વીકાર કરવા તેને પ્રાતઃસ્મરણનો એક અંશ બનાવી અથવા અન્ય રીતે પ્રેરિત કરીએ તેમજ આપણા વતનનાં મૂળ ગામોના જિનાલયો, જેમાં આપણા વડવા-વડીલોએ વર્ષો સુધી દર્શન-પુજા-આરાધના-ઉપાસના કરી હતી તેમની સ્મૃતિઓ ઝંકૃત કરાવીએ તો તેઓ પણ તેમની જ્ઞાતિભાવનાને આંદોલિત કરવા પ્રવૃત્ત થશે જ.

શેઠશ્રીની પુણ્યતિથિના દિવસે, અનંતનાથજી-પારોલા જિનાલયોની વર્ષગાંઠના દિવસે, કુમઠા-ભાંડુપ અને આપણા વતનનાં મૂળ ગામોના જિનાલયોના ધ્વજામહોત્સવના દિવસોએ, એક ચોક્કસ સમયે જ્યાં પણ હોઇએ ત્યાં થોડીક ક્ષણો માટે ધ્યાનસ્થ થઇ આપણે દરેકે દરેક જ્ઞાતિજન ઉપકૃત ભાવે અપ્રત્યક્ષ સામૂહિક વંદના કરવા જોડાઇએ તો તેના સ્પંદનો-આવર્તનો વર્ષ દરમ્યાન અનેક વાર આપણી જ્ઞાતિ ભાવનાને સંવર્ધિત કરતા રહેશે જ તેવો વિશ્વાસ રાખીએ.

સમગ્ર જ્ઞાતિ માટે વિશાળ દૃષ્ટિભાવ રાખાવાની ખેવના, એ પ્રસંગોપાત કે દસ-વીસ વર્ષે મળતા જ્ઞાતિ સંમેલનો ટાણે ઉભરતી અલ્પજીવી વિભાવના નથી પરંતુ તે એક સાતત્યમય ક્રિયા-પ્રક્રીયા છે તે આપણે અંગીભૂત કરવી જોઇએ.

આ વર્ષે સંવત્સરિના દિવસે, એક ચોક્કસ સમયે સૌ જ્ઞાતિજનો સમસ્ત જ્ઞાતિની સામૂહિક ક્ષમાપનામાં પરસ્પર ખમાવે તેવો અનુરોધ 'પ્રકાશ-સમીક્ષા'એ કર્યો હતો તેને ઠીક-ઠીક પ્રતિસાદ મળ્યો હતો અને તે પ્રણાલિકા સ્વરૂપે સ્થાપિત થાય તેવી અભ્યર્થના પણ અનેક જ્ઞાતિજનોએ વ્યક્ત કરી હતી.

તે જ રીતે, આપણા જિનાલયો-દેરાસરજીઓના ધ્વજા દિવસોએ અને શેઠશ્રીની અને અન્ય શ્રેષ્ઠીઓની પુણ્યતિથિએ આપણે સામૂહિક વંદના વિધિને અપનાવીશું તો આપણી જ્ઞાતિભાવના સુપેરે સુગ્રથિતપણે સંવર્ધિત થશે જ તેવી શ્રધ્ધા રાખીએ.

આમ થશે તો જ જ્ઞાતિ સ્તરના જે કોઇ મોટા આયોજનો કે યોજના-પ્રકલ્પોની પ્રવૃત્તિ હશે તેમાં જ્ઞાતિજનોનો સંનિષ્ઠ સકારાત્મક સહયોગ આપોઆપ મળતો થશે અને તે સાર્થક બનશે.

**''બુઝી હુઇ બાતી સુલગાએં**
**આઓ ફિર સે દિયા જલાએં.**
(અટલ બિહારી વાજપાઇ)

***

|| શ્રી જય જીરાવલ્લા || || શ્રી જય શામળિયા ||

# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા-કચ્છ

## તેરા મહાતીર્થ-શ્રી જીરાવલ્લા પારસનાથ પ્રભુ જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠ

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા, ધુફી અને નિયાણી પરિવારો જોગ,**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી જીરાવલ્લા પારસનાથ પ્રભુ જિનાલયની આગામી ૧૬૦મી વર્ષગાંઠ મહાસુદ-૫ (વસંત પંચમી) તારીખ ૦૯-૦૨-૨૦૧૯ શનિવારના શુભ દિને આવે છે જેની વિગત નીચે મુજબ છે.

**પ્રથમ દિવસ :**
**મહાસુદ ૩, ગુરૂવાર તા. ૦૭ ફેબ્રુઆરી ૨૦૧૯**
બપોરના **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા**

**તૃતીય દિવસ :**
**મહાસુદ ૫ (વસંત પંચમી),**
**શનિવાર તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૧૯**
સવારના ૯.૦૦ કલાકે **ધ્વજારોહણ કાર્યક્રમ**

**દ્વિતીય દિવસ :**
**મહાસુદ ૪, શુક્રવાર તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૧૯**
સવારના ૯.૦૦ કલાકે **પ્રભુજીના અઢાર અભિષેક**
બપોરના ૩.૩૦ કલાકે **વડીલ વંદના કાર્યક્રમ**
મહાજનવાડી સંકુલમાં આવેલ સાધર્મિક ભક્તિ ભવન હોલમાં વડીલોના ફોટાઓ તેમના પરિવારજનો તરફથી આપવામાં આવેલ છે તેથી એ વડીલોની સ્મૃતિ વંદન અર્થે વડીલ વંદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

**(વિધિ વિધાન માટે શ્રી ચંદ્રકાન્તભાઈ દેઢિયા - બિદડાવાલા પોતાની મંડળી સાથે પધારશે)**

મહોત્સવ દરમ્યાન આપશ્રીજીના રહેવાની વ્યવસ્થા તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ છે. તા આ પ્રસંગે આપ સર્વેને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આપશ્રીજી કેટલી સંખ્યામાં અને કઇ તારીખે આવવાના છો તેની જાણ અત્રે તેરા પેઢીએ કરશોજી જેથી અત્રે તે પ્રમાણે વ્યવસ્થા કરી શકાય.

**તેરા પેઢી ફોન નંબર : (૨૮૩૧) ૨૮૯૪૩૩ / ૨૮૯૨૨૩ / ૨૮૯૨૨૪**

**નોંધ :** ઉપરોક્ત ધ્વજા તથા અઢાર અભિષેકના મુખ્ય ચડાવા તા. ૦૬-૦૧-૨૦૧૯ને રવિવારના સારસ્વત વાડી, મુલુંડ (વેસ્ટ) મધ્યે શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના વાર્ષિકોત્સવ કાર્યક્રમ દરમ્યાન લઇ આદેશ આપવામાં આવશે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરા**

|| શ્રી મોમાઇ માતાજી નમઃ ||

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર - સાંયરા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઇ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મધે સંવત ૨૦૭૫ ચૈત્ર સુદ ૧ ને **શનિવાર તા. ૦૬-૦૪-૨૦૧૯**ના સવારના ૮.૩૦ કલાકથી **માતાજીની સમુહ પહેડી, ધ્વજા, તથા ચંડીપાઠ** અને ચૈત્ર સુદ ૨ ને **રવિવાર તા. ૦૭-૦૪-૨૦૧૯ના શ્રી ભોઇમા ની ગંધી બદલવાના કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ છે.

**''સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી''.**

ખુશાલીના ઉમેરારૂપે જણાવવાનું કે **મુંબઇ મધે** શ્રી મોમાઇ માતાજીની **નવમી સમુહ પહેડી સંવત ૨૦૭૫ને વૈશાખ સુદ ૮ને રવિવાર, તા. ૧૨-૦૫-૨૦૧૯**ના શુભ દિવસે લાભાર્થી દાતા **શ્રી મેઘણબાપા પરિવાર** (સાંયરા) અને **માતુશ્રી જયાબેન મધુકર મોમાયા પરિવાર** (સાંયરા-મુંબઇ) દ્વારા સંગીતકાર **શ્રી નિખીલ સંગોઇ** અને સાથી કલાકારો સંગાથે, **નારાણજી શામજી વાડી, ૪૫૨, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મુંબઇ** સવારના ૯ કલાકથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

બન્ને પ્રસંગે સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઇ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર તથા નિયાણી બહેનો/દીકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**(નોંધ : બન્ને અવસરે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી)**

**સંપર્ક :**

**શ્રી હીરાચંદભાઇ મોમાયા – 09370336826** **શ્રી દિનેશભાઇ મોમાયા – 09820678051**
**શ્રી ભદ્રેશભાઇ મોમાયા – 09833131359** **શ્રી પ્રવિણભાઇ મોમાયા – 09425089966**
**શ્રી શ્રેણીકભાઇ મોમાયા – 09323785320**

**લિ. ભોઇમાં જયાબાઇ મોમાયા તથા મોમાઇ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

# ઓસવાલોની ઉત્પતિ - ૬

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દૃષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

અગાઉના અંકોમાં જૈન આચાર્યો લિખિત ગ્રંથો અને પટ્ટાવલીઓ આધારિત શ્રીમાલી/પોરવાલ અને ઓસવાલોની ઉત્પત્તિ કથા જોઇ. તેમાં ક્યાંક ચમત્કાર, દૈવી તત્વોનો ઉલ્લેખ પણ છે. પરંતુ એ કાળે અને જૈનાચાર્યો આકાશ ગામિની, પરકાયા પ્રવેશ, વૈકપલબ્ધિથી બીજું રૂપ ધારણ કરવું, શ્રુતજ્ઞાનના ઉપયોગથી ભાવી જોઇ શકવું, શાસન દેવ-દેવીઓ સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ જેવી અનેક સિધ્ધિઓ ધરાવતા હતા એટલે કથા ચમત્કારિક ન લેખી શકાય. વળી નિસ્પૃહી, ત્યાગી મહાત્માઓ કંઇ અજુગતું લખે નહીં.

ઓસવાલ જ્ઞાતિનાં મૂળ સ્થાપક ઉકેશગચ્છાચાર્ય રત્નપ્રભસૂરિ છે અને ત્યારબાદ થયેલ અનેક ઉકેશગચ્છાચાર્યો નવા નવા અજૈનોને પ્રતિબોધી જૈન બનાવી ગચ્છમાં સામેલ કરતા રહ્યા. આ ઉપરાંત અન્ય ગચ્છોનાં આચાર્યો જેઓ ઉદારવૃતિવાળા હતા અને પોતાના ગચ્છ પરનાં મમત્વથી પર હતા તેથી પોતે પ્રતિબોધેલા લોકોને અલગ ન રાખતાં ઉપકેશવંશ/ઓસવાલોમાં સામેલ કરી સંઘના હિતને જ પોતાનું ગૌરવ માન્યું. તેથી ઓસવાલ જ્ઞાતિનું સંગઠન અને વિસ્તાર વધતો રહ્યો. આ સિલસિલો વિક્રમની સતરમી સદી સુધી ચાલુ રહ્યો.

ઓસવાલ ઉત્પત્તિ અંગે અન્ય મહાત્માઓ અને વિદ્વાનોએ પોતાના ગ્રંથો/લેખો/પુસ્તકોમાં લખ્યું છે. 'મહાજન વંશ મુક્તાવલી' નામનું પુસ્તક સ્થાનકવાસી યતિ ઉપાધ્યાયશ્રી રામલાલજીએ સંવત ૧૯૭૮ (ઇ.સ.૧૯૨૧)માં બીકાનેરમાં હિંદી ભાષામાં લખ્યું. જેનો સાર નીચે મુજબ છે.

યતિશ્રી જૈનરાજપૂત મહાજન ઓસવાલ વંશોત્પતિનો પ્રારંભ એક કવિત્તથી કરતાં લખે છે કે ''શ્રી ૨૪ તીર્થંકરોંકે શાસનમેં ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુલ ઔર ક્ષત્રિયકુલ ચારોં વણિક લોગ જૈન ધર્મ પાલતે થે ઔર વે શ્રાવક કે નામસેં કહેલાતે થે. ''ઇતિહાસ તિમિર નાશક'' કે કર્તા રાજા શિવપ્રસાદ 'સિતારે હિન્દ' (ઇ.સ. ૧૮૨૪-૧૮૯૫) લિખતે હૈ. સ્વામી શંકરાચાર્ય કે પહલે ઇસ આર્યાવતમેં ૨૦ કરોડ મનુષ્યોંકી વસ્તી સબ જૈન થે. બાદ મેં રાજાઓકી મદદસે, દમનસે, જૈન ધર્મ કે કઠિન કાયદે સે, ત્યાગ ઔર વૈરાગ્ય રૂપ જૈન ધર્મકો છોડકર લોગ મિથ્યાત્વવાદી, ઇન્દ્રિયોંકે સુખ પોષણરૂપ હિંસામય ધર્મ સ્વીકારને લગે ઔર જૈન ધર્મકિ શ્રાવકોંકી સંખ્યા કમ હો ગઇ. જૈન ધર્મકા સચ્ચા સ્વરૂપ જાનકર કઇ જૈનાચાર્યોને જૈનધર્મકી ઉન્નતિ કરી. ઇસ જૈન ધર્મ કે લાખોં શ્રાવક બનાનેવાલે પ્રથમ સવા લાખ ઘર રાજપૂતો કે મહાજન વંશ કે ૧૮ ગોત્ર થાપને વાલે પાર્શ્વનાથ સ્વામી કે છટ્ઠે પાટધારી શ્રી રત્નપ્રભસૂરિ થે.

સબસે પહલે ૧૮ ગોત્ર ઓસિયા પટ્ટણ સે પ્રગટ ભયે, યે પટ્ટણ વિક્રમ સમ્બત કે પહલે ચારસો વર્ષકિ કરીબ બસા થા, જીસકા કારણ ઐસા હુઆ. શ્રીમાલ નગરી કે રાજા પમાર ભીમસેન કે પુત્ર રૂ. બડા ઉપલદેવ, છોટા આસપાલ ઔર આસલ. ઉપલદેવ રાજકુમાર, ઉહડ, ઉધરણ દો. મંત્રીયોં કે સંગ લે, દિલ્લી કે શહનશાહ સાધુનામ મહારાજા કી આજ્ઞા લે ઓસિયા પટ્ટણ નગર બસાયા. રાજા કી રક્ષાસેં ચારોં વર્ણો કે કરીબ, ૪ લાખ ઘર બસ ગયે, જિસમેં સવા લાખ ઘર રાજપૂતોં કે થે. રાજા પ્રજાકા ધર્મ દેવી ઉપાસી વામમાર્ગ થા ઉન્હોંકી દેવી, સચ્ચાય થી, માંસમદિરાસે દેવીકી પૂજા કર ખાણપીણા કરતે થે ઔર ઇસ બાત કો મુક્તિ પાનેકા ધર્મ સમજતે થે.

ઇસ સમય શ્રી પાર્શ્વનાથજી ભગવાન કે છટ્ઠે પાટધારી, શ્રી રત્નપ્રભસૂરિ, કેશી કુમારગણ કે પોતે ચેલે, માસ

**-: લગ્ન સંબંધી :-**

મુંબઇ સ્થીત ૧૯૮૨ જન્મ નિર્દોષ છૂટા છેડા થયેલ મલ્ટીનેશનલ કાું. માં સારી જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય. છૂટા છેડા ચાલશે. કુંડલીમાં માનીએ છીએ. સંપર્ક : **09920390386**

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઇ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**

ક્ષમણસેં યાવજજીવ પારણા કરણેવાલે, ૧૪ પૂર્વધર, શ્રુત કેવલી ભગવાન વિચરતે વિચરતે આબુ પહાડ તીર્થ પર પાંચસૌ સાધુઓં કે સંગ, ચાતુર્માસ રહે. જબ વિહાર કરણે લગે તબ ઉસ તીર્થકી અધિષ્ઠાયિકા અમ્બાદેવીને અરજી કરી હે પ્રભુ ! મરૂધર દેશકી તરફ વિહાર કરણા ચાહિયે. ગુરૂને કહા, ઇસ દેશમેં દયાધર્મી લોગોંકી વસ્તી નહીં હોનેસે, સાધુઓંકો ધર્મધ્યાનમેં અન્તરાય પડતા હૈ, આહારપાની મિલ નહી સકતા ! તબ અમ્બાને કહા પધારનેસે બહુત ધર્મકા લાભ હોગા, તબ ગુરૂને ૫૦૦ સાધુઓંકો ગુજરાતકી તરફ ભેજે ઔર એક શિષ્ય કો સંગ લે, વિહાર કરતે ઓસીયા પટ્ટણ પહુંચે. કિસી દેવસ્થાન મેં આજ્ઞા લે કર માસ ક્ષમણ તપ કરતે હુએ ઠહરે.

ચેલા અપણે લીયે ગોચરી જાતા, ધર્મલાભ કરતે ફિરતા, લેકિન જૈન ધર્મકી મર્યાદાસે, કિસી જગહ આહારપાની નહીં મિલા. તબ કિસી ગૃહસ્થકા રોગ, ઔષધી સે મિટાકર, ઉસકે ઘરસે, ભિક્ષા લેકર નિર્વાહ કિયા. યે બાત ગુરૂને જ્ઞાન કે ઉપયોગ સે જાણી, તબ શિષ્યકો ઉપાલંભ દિયા તબ શિષ્યને બતાયા 'હે પ્રભુ, ઇસ બસ્તીમેં હરગિજ, ૪૨ દોષરહિત આહાર નહીં મિલતા, જાનકર મૈંને દોષિત આહારસે નિર્વાહ કિયા હૈ. યહ જાનકર ગુરૂને વિહાર કરનેકા તય કિયા. તબ ઉસ મહાત્મા કે તપકે પ્રભાવસે દેવી સચ્ચાયને વિચારા ધિક્ ધિક્, ઐસે તારણ તરણ, નિસ્પૃહી મુનિ ઇસ બસ્તીસે ભુખે જાયેંગે તો ઇસ બસ્તીમેં અમંગલ હોગા. તબ દેવી સાક્ષાત્ પ્રગટ હોકર કરી 'હે કૃપાસિન્ધુ, ઐસે આપકો જાના ઉચિત નહીં, ઇસ પ્રજાકો લબ્ધિ મંત્ર સે ધર્મકી શિક્ષા દો ગુરૂને કહા 'સાધુ બિના કારણ લબ્ધિ ફિરાવે તો દંડ આવે. તબ દેવીને કહા, 'આપસે કોઇ બાત છિપી નહીં હૈ, તીર્થંકરોંકી આજ્ઞા હૈ, ભગવતી સૂત્રમેં સાધુઓંકા તલવાર, ઢાલ લેકર જિનધર્મકે નિન્દક તથા ઘાતિયોંકો સમજાણેંકો, સાધુ લબ્ધિવન્તકો કહા હૈ. દશા શ્રુત સ્કંધ સૂત્રમેં સબકી આપદા મિટાણે લબ્ધિ ફિરાણી લિખી હૈ. જીસમેં  અલ્પ પાપ બહુત નિર્જરા હૈ વહ કામ સાધુ શ્રાવકોંકો કરનેકી આજ્ઞા તીર્થંકરોને દી હૈ. મૈં ઇતને દિન મિથ્યા ધર્મ મેં મુરઝા રહી થી આજ મુઝે સત્ય પતા ચલા હૈ ઇસલીયે મિથ્યાત્વ ત્યાગ કર આપકે પાસ આયી હું. મેરી અરજી સુણો, ઇસમેં આપકા બડા હી લાભ હૈ.

**શ્રી ગજોડવાળા દાદાની ૧૦મી પહેડી (દશાબ્દી વરસ)**

**તા. ૩-૨-૨૦૧૯ રવિવાર • સમય : સવારે ૯ થી બપોરે ૨**
**આયરીશ બેંક્વેટ હૉલ**, પી.કે. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ,
જ્ઞાન સરિતા સ્કુલની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
**સર્વે લાલા-સાંધવ દંડ અને નિયાણી પરિવારો પધારશોજી.**
**લી. શ્રી શામજી દંડ અને સુર્યકાંત દંડ**

દેવી કી ઇતની વિનંતી સુનકર, ગુરૂને ચેલેકો ભેજ નગરમેં સે એક રુઇકી પૂણી મંગવાઇ. મંત્રબલસે ઉસ પૂણીકા સાંપ બનાકર આજ્ઞા દી, જૈસે દયાધર્મકી વૃધ્ધી હોય ઐસા કર. અબ વો સાપ, ભરી સભામેં બૈઠે હુએ રાજા ઉત્પલદેવકે પુત્રકોં જા કે કાટ ખાયા ઔર અદશ્ય હો ગયા. રાજાને વિષવૈદ્ય ગારૂડી, જોગી, બ્રાહ્મન, મંત્રવાદી ચિકિત્સસકોં સે બહુતહી ચિકિત્સા કરાઇ, પરન્તુ વિષ વિસ્તાર પાતે હી ગયા. રાજકુમાર અચેતન મૃતક તુલ્ય હો ગયા. સારે નગરમેં હાહાકાર મચ ગયા. કુમારકો મરા જાણ, સ્મશાનકો લે ચલે.

તબ ગુરૂકી આજ્ઞાસેં ચેલેને રથી રોકી ઔર બોલા, તુમ ઇસ રથીકો મેરે ગુરૂકે પાસ લે ચલો, અભી કુમારકો જીવિત કર દેંગે. યહ સુનકર રાજાને કુછ ધીરજ પાયા ઔર રથી કો ગુરૂ પાસ લાયે. રાજાને ગુરૂકો પુત્ર જિવિત કરનેકી બિનતી કી' હે પૂજ્ય આપ કુંઅર કો સચેતન કર દોગે તો સબ પ્રજા આપકી સદા કે લિયે દાસત્વપના કરેગી. તબ ગુરૂ બોલે 'હે રાજન, જો તુમ સબ લોક, જૈન ધર્મ અંગીકાર કરો તો, પુત્ર અભી સચેત હો જાતા હૈ. રાજા-પ્રજાને માન લિયા. ગુરૂને યોગ વિદ્યાસે સાપ કો બુલાયા. સાપ ડંક ચુસણે લગા, જહર ઉતારકર અદશ્ય હો ગયા. કુમાર આલસ મોડ કે બૈઠા હો ગયા. રાજા પ્રજાને ગુરૂકા જયજયકાર કિયા.

રાજાને ભંડારકા સ્વીકાર કરને કહા. ગુરૂને કહા 'હે રાજન, યે તુચ્છ સુખદાયી ઔર મહાદુઃખકા કારણ હૈ' ઇસ લીયે હમનેં હમારે પિતાકા રાજ્યકા ત્યાગ કિયા હૈ. આપ સૌ જૈનધર્મ અંગીકાર કર સમ્યકત્વ સહિત બારહ વ્રત સ્વીકાર કરો. રાજા ઔર પ્રજાને જૈનધર્મ સ્વીકાર કીયા. સચ્ચાય દેવીકી સહાયતા સે લોગોંને જૈનધર્મ પાયા ઇસસે દેવીકો ઉપકારણી જાણકે લાપસી, નારીયેલ, ખાજા, ચૂરમા, પક્કવાનસેં બલી દેના ચાલુ કિયા. સચ્ચાયદેવીને પ્રકટ હોકર મહાજન બિરૂદ દિયા. જગતારક પ્રભુકા મંદિર કરાણા શુરૂ કરાયા. ગુરૂને કુલ મિલાકર ૧૮ ગોત્રકી સ્થાપના કી. રાજા ઉપલદેવકે પિતાકે ભ્રાતા સાલંગજી જિન્હોંકો, રાજા તાતજી યાને (પિતાજી) કરકે બુલાતે થે ઇસવાસ્તે પ્રથમ ગોત્ર તોતેહડ (૧), બાફણા (૨), કર્ણાટ (૩), વલહરા (૪), મોરાક્ષ (૫), કુલહટ (૬), વિરહટ (૭), શ્રીમાલ (૮), શ્રેષ્ઠી ગોત્ર યે રાજા ઉપલદેવકા (૯) સહચિતી (સંચીતી) રાજાકે પ્રધાનકા ગોત્ર (૧૦), આઇ ચણાગ ગોત્ર (૧૧), ભૂરિ (ભટેવરા) ગોત્ર (૧૨), રાજાકે સેનાપતિકા ભાદ્રગોત્ર (૧૩), ચીંચટ (૧૪), કુંભટ ગોત્ર (૧૫), ડીંડૂ ગોત્ર (૧૬), કન્નોજ ગોત્ર (૧૭) લઘુશ્રેષ્ઠિ ગોત્ર રાજાજી કે છાટે ભ્રાતા આસપાલકા (૧૮) હુઆ. આગે ચલતે ઓસિયાં નગરી કે નામ સે મહાજનોં કોં ઓસવાલ સંજ્ઞા ભઇ ! **- ક્રમશઃ**

## મી ટુ ઘરઘરમાં (ME TOO) – પ્રવીણ લોડાયા, વડોદરા

વાચકોને યાદ હોય તો ૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં મારો × મીટુ ઉપર એક લેખ પ્રકાશ-સમીક્ષામાં છપાયો હતો. ચાલો મોડી તો મોડી. પણ 'મી ટુ મુવમેન્ટ' શરૂ થઇ ખરી.

એક ઘટનાને એક સાથે અનેક દૃષ્ટિકોણથી જોઇ શકાતી હોય છે. સત્ય આખરે તો એક સાપેક્ષ વસ્તુ છે. સૌનું પોતપોતાનું સત્ય હોય છે.

વર્ષો કે દાયકાઓ પછી ઓચિંતા અતીતનું તળ ફાડીને ઘટના સપાટી પર આવે ત્યાં સુધીમાં એના અમુક રંગ અને આકાર બદલાઇ ગયા હોય એવું ના બને ? પૃથ્વી લોક પર ચાલી રહેલા આ આંદોલનની ચિનગારી જો સ્વર્ગ લોક સુધી પહોંચે તો સ્વયં ઇન્દ્રને કોર્ટમાં આવવું પડે અને સજા ભોગવવા નર્કમાં જવું પડે.

મી ટુ ની પરંપરા આપણે ત્યાં હજારો વર્ષથી ચાલી આવી છે એમાં કોઇ નવાઇ નથી લાગતી. ઇન્દ્ર મહારાજાના કૃત્યોથી ઘણી પૌરાણિક કથાઓ આલેખાયેલી છે. એના પછી ઘણા ઋષિમુનીઓએ મી ટુની પરંપરા આગળ વધારી છે. અહલ્યા પત્થરની શિલા કેમ થઇ તે વાંચો. વિશ્વમિત્ર જેવા મહાન ઋષિએ ગાયોના બદલે પોતાના શિષ્યની દીકરી સાથે શું કર્યું તે વાંચો.

દંભ એ આપણા નસનસમાં, રગરગમાં ફેલાયેલો છે. એક તરફ આપણે કહીએ છીએ કે, યત્ર તાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા બીજી બાજુ સત્ય એ છે કે જીવનભર સ્ત્રી ને કચડવામાં આવી છે. દ્રોપદીના વસ્ત્રાહરણ સમયે સભામાં હાજર રહેલા એક પણ મહાપુરુષે તેનો વિરોધ કર્યો નહીં. આપણા દેશનો ગૌરવ પૂર્ણ ઇતિહાસ સ્ત્રીઓ પ્રત્યે કેટલો નિર્દય રહ્યો છે. તેના અનેક દાખલા છે.

મહાભારતમાં બધા જ મહાન પુરૂષોના પિતા અલગ અલગ છે. માતા ભલે એક હોય. દા.ત. કુંતીમાતાના પુત્રોમાંથી કર્ણના પિતા સૂર્ય હતા. અને અર્જુનના પિતા ઇન્દ્ર હતા. પાંડુરાજાને શાપ હતો કે તેઓ પિતા બની શકે નહીં.

આપણા રજવાડાઓનો ઇતિહાસ જુઓ તો તેમાં પણ 'મી ટુ'ના ઘણા દાખલા મળશે આપણા રાજાઓ પોતે ભલે 'મીટુ' વાળા હોય પણ પત્ની તો સતી સાવિત્રી જ જોઇએ.

ભારતમાં 'મી ટુ' માટે નવાઇ લાગવી જોઇએ નહીં. રાજા-મહારાજાઓની પરંપરા આગળ વધવી જોઇએ એટલે ઘરઘરમાં મી ટુ શરૂ થઇ ગયો અને તેમાં કોઇને શરમ નડતી નહીં.

આપણને આ બધું વારસામાં મળેલ છે એટલે દરેક ઘરમાં તો CCTV કેમેરા લાગેલા હોત તો ઘણા કાકા-મામા-માસી-ફોઇના દિકરાઓ, પડોસીના દીકરા, મિત્રો, ઓળખીતા - પાળખીતા કોઇપણ બાકાત રહેત નહીં. દરેક જણ 'મી ટુ'ના દાયરામાં આવ્યો જ હોય. અત્યારના નેતા જુઓ, અભિનેતા જુઓ ગામના સરપંચોને જુઓ, મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓના CEO જુઓ. લગભગ બધા જ મી ટુ વાળા હશે. પોતાની ભાણેજ હોય કે ભત્રીજી ચાન્સ મળે તો કોઇ પણ કોરો રહ્યો ના હોય.

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિમાં પાયાનો ફરક છે. આમા અમેરિકામાં પ્રમુખ હોય અથવા મોટા પદાધિકારીઓ હોય તો તેમને સજા અવશ્ય થાય. અને તેઓ ઉચ્ચ પદો ઉપર રહી ના શકે. ક્લીન્ટનનો દાખલો આપણી સમક્ષ છે.

જ્યારે ભારતમાં ઉચ્ચ પદો પર રહેનારાઓને બધી છૂટ છે. પરંતુ સામાન્યજન પકડાય તો તેને સજા છે. એટલે જ તો આપણે જોઇએ છીએ ઘણા નેતાઓ, જ્ઞાતિના લીડરો, સત્તા સ્થાને ચોંટીને બેઠેલા હોય છે. કોઇ ચૂં કે ચાં કરતો નથી.

જ્યારે કોઇ સોશ્યલ નેટવર્કનું અસ્તિત્વ જ નહોતું ત્યારે પણ એક વર્ષમાં યૌન ઉત્પીડનની ૩૫૦૦૦ એફઆઇઆર નોંધાયેલી. મતલબ મી ટુ પહેલા પણ સ્ત્રીઓ આગળ આવતી અને પોલીસ સ્ટેશને જતી.

નવાઇની વાત એ છે કે ભણેલી ગણેલી સ્ત્રીઓ જલદી આગળ નથી આવતી. એમને પોતાની કેરિયરની પડી હોય છે. આપણા ઉછેર અને શિક્ષણ પધ્ધતિ અંગે વિચાર કરવાની જરૂર છે.

***


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

વધુ સુંવાળી રીતે ઉછરતી દીકરીઓ સ્વતંત્ર, હિમ્મતવાન કે સાહસિક બનવાને બદલે ડરપોક કેમ બને છે. ગ્લેમર અને કરિયરમાં આગળ નિકળવાનો મોહ એમને સમાધાન સ્વીકારી લેવા મજબૂર કરે છે ?

તો પછી આ બધી વિદુષી અને ફોરેન રિટર્ન્ડ સ્માર્ટ નારીઓ આટલી કમજોર કેમ ? સીસ્ટમ ઈમોશનલ અપવાદો મુજબ ચાલે તો જગતમાં કોઇ પણ ટ્રેન સમયસર ઉપડે નહીં. ન ગમે ત્યાં તત્કાળ લક્ષ્મણરેખા દોરતા શીખો, એ જ સમયે મક્કમ અવાજ ઉઠાવો. એક હદથી આગળ મરજી વિના કાયમ કોઇ આગળ વધી ન શકે.

પ્રાકૃતિક ઈન્સ્ટિંક્ટ તો લાખો વર્ષ જૂના છે અને એમાં પુરૂષ પાસે કાયમ કન્ટ્રોલ સ્વીચની અપેક્ષા રાખવી એ વ્યવહારુ વાસ્તવવાદ નથી, લુખ્ખો આદર્શવાદ છે.

દરેક 'મા' એ પોતાની દીકરીને શીખવાડવું જોઈએ કે ઈશ્વરે તને જોખમ સાથે એક સિક્સ્થ સેન્સ આપી છે. એટલે તને મળતા તમામ જાણીતા અને અજાણ્યા લોકોનું સ્કેનીંગ કર. સ્નેહી સ્વજન અને પ્રિયજન સુધીના સૌના એક્સ-રેની પ્રિન્ટ તારા ડેટાબેઝમાં રાખ કારણ કે તારૂ ડીએનએ અસલામત છે.

બાર વર્ષથી બાવીસ વર્ષ તારા માટે જોખમી છે. એ કોઠામાંથી હેમખેમ પસાર થઇ જવું જરૂરી છે. આ ઉમરમાં વિજાતિય આકર્ષણ રહેવાનું પણ દઢનિશ્ચય રાખીને તું આ નાનકડો પ્રવાસ સુખરૂપે પસાર કર. સ્ત્રી અને સંઘર્ષ એક બીજાના પર્યાય છે. જીવનભર તને સંઘર્ષ તો કરવો જ પડશે માટે અત્યારથી જ તું નિર્ભય બન.

જેણે અભય સાધી લીધો તેણે જીવન સાધી લીધું ને જે માણસમાં ભય છે તે જીવનમાં સફળ થઇ શકતો નથી. ઊભા થતાં પહેલા જ જેને પડી જવાનો ભય છે તે પગને આગળ ચલાવી શકતો નથી.

## -ઃ સુધારો ઃ-

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ - ટ્રસ્ટ**ની મુલુંડ મધે **રવિવાર તા. ૧૩-૧-૨૦૧૭**ની વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા-કાર્યસૂચી-ક્રમાંક ૪ અને ૫ નીચે મુજબ છે.

૪) વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓડીટરની નિમણુંક.

૫) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કાર્યવાહી.

લિ. **ટ્રસ્ટ વતી ચેતન શાહ**, સેક્રેટરી

।। શ્રી શાંતિનાથાય નમઃ।। ।। શ્રી ચંદ્રપ્રભસ્વામી નમઃ।।

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**ગોએરસમા-બારોઈ**

### ગોએરસમા-બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

**બન્ને ગામવાસીઓ સહ પરિવાર તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,**

તપચક્રવર્તી બાવન સુદીર્ઘ વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** તેમજ સર્વે આચાર્ય ભગવંતોના આશિર્વાદથી બન્ને ગામોના જિનાલયોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

### -ઃ કાર્યક્રમ ઃ-

વિ.સં. ૨૦૭૫ ફાગણ વદ ૧ ને **ગુરૂવાર તા. ૨૧-૩-૨૦૧૯ના અઢાર અભિષેક** વિ.સં. ૨૦૭૫ ફાગણ વદ ૨ને **શુક્રવાર તા. ૨૨-૦૩-૨૦૧૯ના બન્ને જિનાલયોની વર્ષગાંઠ** નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે.

આવા રૂડા અવસરની જાહેરાતને નિમંત્રણ સમજી આપ સૌ સહ પરિવાર પધારવા કૃપા કરશોજી. ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્ક ઃ**

**અશોક પોલડીયા - 09422212250 ભુપેન્દ્ર ડાઘા - 09819883522**
**પ્રવિણ મોમાયા - 09425089966 શ્રેણીક મોમાયા - 09323785320**

લિ. **પ્રમુખશ્રી ધનપતિ કુંવરજી મોમાયા એવમ પદાધિકારીઓ કારોબારી સભ્યો, એવમ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.**

### પ્રથમ પુણ્યસ્મરણ



જન્મ ઃ તા.૦૧-૦૮-૧૯૬૮

અરિહંત શરણ ઃ તા.૧૮-૧૨-૨૦૧૭

## સ્વ. રાજેશ રાયચંદ લાલકા

**(ગામ ઃ મોટીખાવડી ❖ હાલ ઃ ઘાટકોપર)**

હરપળ હસતા રહી સૌના દિલમાં વસી ગયા. આટલી જલ્દી ધુપસળીની માફક જીવન જીવી અચાનક વિદાય એવી લીધી કે મન માનતું નથી.
આપનો સદાય હસતો ચહેરો, માયાળુ સ્વભાવ, નિઃસ્વાર્થ સેવા,
પરોપકારની ભાવના અમો કદાપી ભુલીશું નહી.
આપનો પ્રેમાળ સબંધ, અમારૂં સંભારણું છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

**શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...**

માતુશ્રી કંચનબેન રાયચંદ લાલકા (ઘાટકોપર - મોટીખાવડી)
સ્વ. જયાબેન હિરાચંદ ખોના (ડોમ્બીવલી - મોટીખાવડી)
તથા સમસ્ત લાલકા અને ખોના પરિવાર

## કચ્છી દશા ઓશવાલ નાતજા ચમકેં કચ્છજા તેજસ્વી તારા

**કચ્છમાં સૌપ્રથમ બબ્બે વખત MP થનાર મહાપુરૂષ કચ્છ રત્નને એક આદર્શ આજીવન આગેવાન નેતા**

**જન્મ સને ૧૯૦૨**  **સ્વ. તા. ૨૭-૦૯-૧૯૭૦**

**પૂજ્ય શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી ખોના (તેરા/માટુંગા)**

ભવાનજી શેઠજો નાતમેં જીંમાન થ્યો તીંય રાજકાજમેં માન
ગાંધીજી જે બોલતેં, ઝુકી વ્યા ઈ જવાન
કૈકવરે પ્રમાણ થઈ વ્યા ખજાનચી, પૂરે અઢળક ધન
બ્રિટિશ જે નજરેં ચડયા, જેલ વ્યા ઈ સજ્જન
ઈનીંતેં પ્રજા થઈ પ્રસન્ન, MP થ્યા પૂરા બબ્બવાર
પાર્લામેન્ટમેં કચ્છજી, ખૂબ રખ્યાં તે ન્યાર,
તેરેં મેં ઈસ્પિતાલ કયાં સટુકડી, જે હરે કૈઈ નિંઢાવડા રોગ,
જખૌ જે ધરિયા મત્થે, શરૂ કયોં લવણ ઉદ્યોગ,
ગાંધીધામ કંડલા સુધી, નગરીજો આધાર
બંદર કયાં મુંભઈ સમું, પચ્છમજે હિનપાર
સ્ટીમરું અચેં વિલાયત જયું, તેંકે લગેન વાર
ને કંડલાજે બંદર મત્થે, રોજી રડે હજાર
કંડલાજે બંદર મત્થે, નાં નાં થ્યા ઉદ્યોગ
શહેર થ્યો આય ઠાવકો, રેલસેં થ્યો સંજોગ,
માલ વિને પંજાબ સુધી, પંજ ક્રોડ કેં રોજ,
નેહરૂ - વલ્લભ વા ફીદા ગુણાજા વા ગરોજ
કચ્છ-કચ્છીએં જે કારણે, જેં ધારે ગિણા ભેખ
અમૃત બેંકે ડેંઈ કરે, ઝેર જીરવ્યા છેક
સને ૧૯૪૮જોં નાતજે પહેલે સમેલનજા પ્રમુખ થ્યા જોરદાર
સને ૧૯૫૨ મેં કચ્છ જે ધરતીકંપ ટાણે સેંવા ડિનો પારાવાર
શ્રી ભવાનજી શેઠ જન્મ્યા ભલેં, કચ્છ ભૂમિતેં સાર
બબ્બ દુકાર ટાણે સદ્ગુરૂ સેવા સંઘકે સેવા ડીના અપાર
૧૯૭૦ મેં સપ્ટેમ્બર સત્યાવીજો, સૂરજ છડે વ્યો જોર
ભવાનજી શેઠ હલ્યાવ્યાને અજપણ કોઈન કરે સગે ઈનીજી હોડ
સ્વર્ગે વ્યા ભવાનજી, રશ્મિન ચેં કૈક કરે સુકાજ
કચ્છ જા વ્યા આત્માને, વ્યા જ્ઞાતિજા શિરતાજ,
એમની સેવાઓ ખરેખર વંદનીય-પ્રશંસનિય અને પ્રેરણાદાઈ છે.

● પૂજ્ય હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી ખોના તેરા/માટુંગા
મહાદાનેશ્વરી હંસકુમાર શેઠ, કરોડેંસેં કયાં વડ્ડાદાન
પિતા ભવાનજી શેઠને જમકુમાજો ને રોશન કયાં તેરા ગામજો નામ

● રમેશભાઈ નારાણજી દંડ તેરા/ગાંધીધામ જેઓ આશાપુરા માતાનો મડના જાગીરના ટ્રસ્ટી જયારથી ટ્રસ્ટ બન્યો ત્યારથી ટ્રસ્ટી છે.
કચ્છ એકમના ૨૫ વરસથી પણ વધુ પ્રમુખ પદે રહ્યા હતા.
શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર તેરા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટને શ્રી તેરા પાંજરાપોળ આ ત્રણે સંસ્થાઓના છેલ્લા ૪૮ વરસ થી ટ્રસ્ટી પદે છે.

● લહેરચંદ આણંદજી ખોના સાંધવ / આદીપુર મહાજનના પ્રમુખ અને કચ્છ એકમના માનદ્ મંત્રી છે.

● કિશોર જીવરાજ સાંયા સુજાપુર/ભુજ જેઓ કચ્છ જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન પદે રહ્યા હતા.

● મહેશ ખીમજી લાલકા વારાપધ્ધર/આદીપુર હાલે કચ્છ એકમના પ્રમુખ છે.

(અમને જેટલી માહિતી મળી એ મુજબ ઉપરની વિગત આપી છે.)

**સંકલન કર્તા : રશ્મિન ખોના (મુંબઈ) મો.: ૮૮૭૯૩૨૯૪૦૪**

## ''જ્યોતિ'' પ્રકાશ ફેલાવે છે



જીવનમાં તમને મનગમતુ કામ પસંદ કરો અને તે તમને ક્યારેય બોજ નહિ લાગે આજ વસ્તુ જ્યોતિને સામાજીક અને પ્રોફેશનલ જવાબદારીઓ નિભાવવામાં પ્રગતી માટે માર્ગદર્શક બની રહી.

ભારતની, મુંબઇની નં. ૧ આંતરરાષ્ટ્રીય સ્કુલ, ધીરૂભાઇ અંબાણી ઇન્ટરનેશન સ્કુલમાં ૧૦ વર્ષથી યશસ્વી કામ કરતા તેમની વિસ્તૃત કામગીરી માટે હાલમાંજ તેમના શ્રીમતિ નીતા મુકેશ અંબાણી દ્વારા લાઇફ-ટાઇમ એચીવમેન્ટ અવોર્ડ પ્રાપ્ત થયો છે.

જ્ઞાતિના વિકાસ માટે કામ કરવું તે તેમના કુટુંબની ખાનદાની પરંપરા છે. જ્યોતિબેન લીલા સનત ખોના જખૌની દીકરી છે. ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ જે જ્ઞાતિના વિદ્યાર્થીઓના ઘડતરમાં પાયા રૂપ છે. તેના તેઓ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન મહિલા-પ્રમુખ રહી ચૂક્યા છે. જખૌ યુવા-મંચ (૨૦૦૯/૧૦) મુંબઇના ભૂતપૂર્વ પ્રમુખ છે.

જ્યોતિના લગ્ન અંકીત દેઢિયા સાથે થયા છે. જ્યોતિબેન કહે છે કે યુવા-વિદ્યાર્થીઓ સાથે કામ કરતા તેમને આનંદ આવે છે. છેલ્લા ૧૦ વર્ષના સંક્ષીપ્ત-અભ્યાસ અને પ્રગતિ થી સંતોષ છે. તેમણે ઘણી નામાંકિત વ્યક્તિઓ સાથે કામ કર્યું છે.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે. **- તંત્રી મંડળ**


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ

# શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા

ટ્રસ્ટ નોંધણી નં. : ઈ-૨૫૬-કચ્છ

કોઠારા-કચ્છ

## બેલેન્સ સીટ તા.: ૩૧-૦૩-૨૦૧૮

| ફંડ અને જવાબદારીઓ | રકમ | રકમ | મિલકત અને લહેણું | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| **ટ્રસ્ટ ફંડ** | | | **સ્થાવર મિલકત** | | |
| ગઈ સાલની બાકી | | ૧૭૪૬૯૮-૩૭ | બોરીંગ | ૬૬૦૧૭-૦૦ | |
| | | | કેટલ શેડ | ૪૩૪૨૩૨-૦૦ | |
| **કાયમી અંકિત ફંડો** | | | ગૌશાળા દુકાન | ૨૯૩૨૭-૦૦ | |
| કાયમી ઘાસ-ચારા ફંડ | ૧૯૧૦૦૫૧-૦૦ | | પાંજરાપોળ જમીન | ૫૦૦૦૦-૦૦ | |
| કાયમી જીવદયા ફંડ | ૨૪૨૩૪૮૭-૦૦ | | શટરવાલા ગોદામ | ૨૨૭૫૫-૦૦ | |
| કાયમી કુતરાના રોટલા ફંડ | ૨૫૧૬૯૧-૦૦ | | ખેતર આટારિયો (૮૦૪/૨) | ૩૪૦૦-૦૦ | |
| કાયમી પક્ષી ચણ ફંડ | ૨૭૦૧૦૮-૦૦ | | ખેતર આટારિયો (૮૨૧) | ૩૩૮૮-૦૦ | |
| કાયમી પાંજરાપોળ તિથી ફંડ | ૧૧૦૦૦-૦૦ | | ખેતર ખારો (૪૭) | ૧૦૦-૦૦ | |
| કાયમી પશુ નિભાવ ફંડ | ૫૬૦૦૦-૦૦ | ૪૯૨૨૩૩૭-૦૦ | ખેતર ખારો (૮) | ૩૩૭૭-૦૦ | |
| | | | વાડી (૮૪૧ પૈકી ૧) | ૫૦૦-૦૦ | ૬૧૩૦૯૬-૦૦ |
| દુકાન ભાડા ડિપોઝીટ | | ૩૫૦૦૦-૦૦ | | | |
| | | | **ફર્નીચર તથા ડેડ-સ્ટોક** | | |
| **આવક-જાવક ખાતું** | | | ફર્નીચર અને ડેડ-સ્ટોક | | ૪૭૨૧૦-૦૦ |
| ગઈ સાલની બાકી | ૨૫૫૬૧૩૨-૮૪ | | | | |
| બાદ : ચાલુ વર્ષનો ઘટાડો | (૭૪૬૮૦૫-૪૦) | ૧૮૦૯૩૨૭-૪૪ | **રોકાણ** | | |
| | | | એચડીએફસી-મુંબઈ એફડીઆર | ૨૭૦૦૦૦૦-૦૦ | |
| | | | ગૃહ ફાઈનાન્સ એફડીઆર | ૪૦૦૦૦૦-૦૦ | ૩૧૦૦૦૦૦-૦૦ |
| | | | | | |
| | | | **બંધ સ્ટોક** | | |
| | | | **ઘાસ-ચારા સ્ટોક** | | |
| | | | ગુવાતરી મણ ૨૨૫૦ @ ૧૭૦.૦૦ | ૩૮૨૫૦૦-૦૦ | |
| | | | કાલર મણ ૨૦૦૦ @ ૨૫૦.૦૦ | ૫૦૦૦૦૦-૦૦ | |
| | | | પરાર મણ ૧૬૦ @ ૧૬૦.૦૦ | ૨૫૬૦૦-૦૦ | |
| | | | વતરો મણ ૨૮૦૦ @ ૪૩૦.૦૦ | ૧૨૦૪૦૦૦-૦૦ | |
| | | | | ૨૧૧૨૧૦૦-૦૦ | |
| | | | ભૂસો બોરી ૨૩ @ ૯૪૫.૦૦ | ૨૧૭૩૫-૦૦ | ૨૧૩૩૮૩૫-૦૦ |
| | | | | | |
| | | | **TDS** | | |
| | | | વર્ષ : ૨૦૧૦-૨૦૧૧ | ૩૩૩૪૦-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૨-૨૦૧૩ | ૪૧૪૮૧-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૩-૨૦૧૪ | ૩૪૯૭૧-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૬-૨૦૧૭ | ૨૯૨૯૩-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૭-૨૦૧૮ | ૧૧૭૫-૦૦ | ૧૪૦૨૬૦-૦૦ |
| | | | | | |
| | | | **વસુલી બાકી (નવું)** | | |
| | | | ચામુંડા એન્ટરપ્રાઈઝ (ભાડું) | ૪૬૫૦-૦૦ | |
| | | | ડૉ. પટેલ (દૂધ) | ૪૪૮-૦૦ | |
| | | | ગણેશ કોર્પોરેશન (ભાડું) | ૧૩૯૫૦-૦૦ | |
| | | | માનપુરા દૂધ મંડળી (દૂધ) | ૧૦૨૭૫-૦૦ | |
| | | | વાલજી દેવકરણ (ટ્રક ભાડું) | ૬૮૦૦૦-૦૦ | |
| | | | વિભાગીય સંસોધન કેન્દ્ર (ખાતર) | ૭૮૦૦૦-૦૦ | ૧૭૫૩૨૩-૦૦ |
| | | | | | |
| | | | **રોકડ તથા બેંક બેલેન્સ** | | |
| | | | દેના બેંક-કોઠારા બચત ખાતા | | |
| | | | નં. : ૦૩૨૬૧૦૦૦૧૯૦૫ | ૮૨૩૬-૦૦ | |
| | | | દેના બેંક-મુંબઈ બચત ખાતા | | |
| | | | નં : ૦૧૪૬૧૦૦૦૪૦૪૧ | ૬૮૯૭૨૯-૨૧ | |
| | | | રોકડ પુરાંત | ૩૩૧૯૩-૦૦ | ૭૩૧૧૫૮-૮૧ |
| કુલ્લ | | ૬૯૪૧૩૬૨-૮૧ | કુલ્લ | | ૬૯૪૧૩૬૨-૮૧ |

તપાસ્યું અને બરાબર માલુમ પડયું
વતી ખીમજી કુંવરજીની કંપની (ગાંધીધામ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ફર્મ રજીસ્ટ્રેશન નં : ૧૦૫૧૪૭ડબલ્યુ

ટ્રસ્ટી
ટ્રસ્ટી
શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા
કોઠારા - કચ્છ

તારીખ :
[-]7 AUG 2018

KHIMJI KUNVERJI & CO.
Chartered Accountants
Gandhidham

પદમશી એલ. લાલકા
ભાગીદાર
સભ્યપદ નં : ૫૧૧૩૯

## શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા

ટ્રસ્ટ નોંધણી નં. : ઈ-૨૫૬-કચ્છ

કોઠારા-કચ્છ

### આવક-જાવક તા.: ૩૧-૦૩-૨૦૧૮

| ફંડ અને જવાબદારીઓ | રકમ | રકમ | મિલકત અને લહેણું | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| **દાન આવક** | | | **વહીવટી ખર્ચ** | | |
| અર્પણ દાન આવક | ૬૦૦૦-૦૦ | | એકાઉન્ટ ચાર્જીસ | ૧૦૦૦૦-૦૦ | |
| જીવદયા દાન આવક | ૧૫૧૫૩૬૬-૦૦ | | ઈલેક્ટ્રીકલ ખર્ચ | ૧૬૩૦-૦૦ | |
| કુતરાનાં રોટલા દાન | ૨૭૦૪-૦૦ | | બેંક ચાર્જીસ | ૨૦૬૧-૪૦ | |
| પક્ષી ચણ દાન આવક | ૨૫૨૮-૦૦ | | ઈલેક્ટ્રીક બીલ | ૪૭૨૪-૦૦ | |
| પાંજરાપોળ દાન આવક | ૮૦૩૫૦-૦૦ | ૧૬૦૬૯૪૮-૦૦ | પોસ્ટ તથા કુરિયર | ૬૩૫-૦૦ | |
| | | | પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી | ૫૭૦૦-૦૦ | |
| | | | સ્ટાફ ચા ખર્ચ | ૨૨૬૬-૦૦ | ૨૭૦૧૬-૪૦ |
| **વ્યાજ આવક** | | | | | |
| ગૃહ ફાયનાન્સ વ્યાજ | ૩૨૦૦૦-૦૦ | | **અન્ય ધર્માદા ખર્ચ** | | |
| એચડીએફસી વ્યાજ | ૨૪૯૩૪૪-૦૦ | | કુતરાંના રોટલા ખર્ચ | ૧૯૧૦૦-૦૦ | |
| બેંક બચત ખાતા વ્યાજ | ૨૮૬૯૭-૦૦ | | પક્ષી ચણ ખર્ચ | ૩૦૩૮૮-૦૦ | ૪૯૪૮૮-૦૦ |
| ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ | ૧૬૯૨-૦૦ | ૩૧૧૭૩૩-૦૦ | | | |
| | | | **પાંજરાપોળ રનીંગ ખર્ચ** | | |
| દુકાન ભાડા આવક | | ૧૪૪૩૩૦-૦૦ | બાંભ ખર્ચ | ૪૩૦૦-૦૦ | |
| | | | ચારાણી-હાકાણી | ૮૮૫૧૦-૦૦ | |
| | | | છૂટક મજુરી | ૨૦૦૦-૦૦ | |
| બીજી આવક | | | ગોદામ ભાડું | ૩૦૦૦૦-૦૦ | |
| જાનવર વેંચાણ | ૧૨૦૧૦૦-૦૦ | | દાન વસુલી ખર્ચ | ૪૭૭૫૦-૦૦ | |
| ખાતર વેંચાણ | ૧૮૨૫૦૦-૦૦ | | ઢોર સારવાર | ૧૯૭૧૭-૦૦ | |
| દૂધ વેંચાણ | ૫૧૯૮૧૦-૦૦ | | દાન ચારા ભાડા-મજુરી | ૪૦૪૦૦-૦૦ | |
| પાડા ની ફી | ૪૨૦૦-૦૦ | | લીલા ચારા ખર્ચ | ૧૧૨૬૯૮૦-૦૦ | |
| ભંડાર ઉપજ (જીવદયા) | ૮૨૧૪-૦૦ | ૮૩૪૮૨૪-૦૦ | માલ ભાડા મજુરી | ૨૫૨૪-૦૦ | |
| | | | પરચુરણ ખર્ચ | ૬૧૫૬-૦૦ | |
| | | | પશુ આહાર ખર્ચ | ૩૭૩૨૧૫-૦૦ | |
| વીમા પ્રીમીયમ નો ચેક પરત | | ૫૮૧૭-૦૦ | પગાર તથા બોનસ | ૬૦૯૮૯૦-૦૦ | |
| | | ૨૯૦૩૬૫૨-૦૦ | સ્ટાફ વેલ્ફેર | ૪૨૦૦-૦૦ | |
| ચાલુ વર્ષનો ઘટાડો | | ૭૪૬૮૦૫-૪૦ | ખાતર ખર્ચ | ૪૮૦૦-૦૦ | |
| | | | સુકા ચારા ખર્ચ | ૯૩૧૧૯૦-૦૦ | |
| | | | વતરો મજુરી | ૨૨૧૨૫૦-૦૦ | ૩૫૧૨૮૮૨-૦૦ |
| | | | | | |
| | | | ઓડીટ તથા ઈન્કમ ટેક્ષ ફી | | ૨૩૦૦૦-૦૦ |
| | | | ચેરીટી ફાળો | | ૨૭૯૩૬-૦૦ |
| | | | મરામત અને નિભાવ | | ૨૬૮૫-૦૦ |
| | | | **વેરા ખર્ચ** | | |
| | | | મકાન વેરો | ૬૬૫૦-૦૦ | |
| | | | જમીન મહેસુલ | ૮૦૦-૦૦ | ૭૪૫૦-૦૦ |
| | | | | | |
| કુલ | | ૩૬૫૦૪૫૭-૪૦ | કુલ | | ૩૬૫૦૪૫૭-૪૦ |

તપાસ્યું અને બરાબર માલુમ પડયું
વતી ખીમજી કુંવરજીની કંપની (ગાંધીધામ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ફર્મ રજીસ્ટ્રેશન નં : ૧૦૫૧૪૭ડબલ્યુ

ટ્રસ્ટી
ટ્રસ્ટી
શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા
કોઠારા - કચ્છ

તારીખ :
17 AUG 2018

KHIMJI KUNVERJI & CO.
Chartered Accountants
Gandhidham

પદમશી એલ. લાલકા
ભાગીદાર
સભ્યપદ નં : ૫૧૩૬

# શ્રી કોઠારા પાંજરાપોળ – કોઠારા

રજીસ્ટર ઑફિસ :
કોઠારા કચ્છ, તા. અબડાસા,
પીનકોડ – ૩૭૦ ૬૩૫.
ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫

**શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન, કોઠારા**
સંચાલિત
**શ્રી કોઠારા પાંજરાપોળ, કોઠારા**

મુંબઈ ઑફિસ :
મે. કે. એન અજાણી, ૧૩૯,
અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૦૩.
ફોન : ૦૨૨-૨૩૪૦૦૨૫૧ (4 to 6)

સુજ્ઞ શ્રી જીવદયા પ્રેમી દાતાશ્રીઓ 'પ્રણામ' શ્રી કોઠારા પાંજરાપોળ ૧૫૭ વર્ષથી પશુ નિભાવ કાર્યમાં કાર્યરત છે. હાલમાં ૩૧૦ (ત્રણસો દસ) જાનવરોનો નિભાવ થાય છે.

સમય બહુજ કપરો છે કચ્છમાં ઘાસ ચારો બીલકુલ મળતો નથી. ઘાસચારો અન્ય રાજ્યોમાંથી મંગાવવો પડે છે. ભાવ આસમાને છે. તેથી આપ સો જીવદયા પ્રેમી દાતાશ્રીઓને ઉદાર દિલથી દાન આપવા નમ્ર અપીલ કરીએ છીએ આ સાથે છેલ્લાં ત્રણ મહિનામાં આવેલ દાનની યાદી સાથે વર્ષ ૨૦૧૭-૧૮ની ઓડીટેડ બેલેન્સ સીટ અને આવક-જાવકના હિસાબ મોકાલાવેલ છે.

**દાન આપનાર સર્વે દાતાશ્રીની સંસ્થા ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

લી. ટ્રસ્ટીઓ

## શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારાને માસ ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં આવેલ યોગદાનની યાદી

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૧,૨૫,૦૦૦ | શ્રી શેઠશ્રી નરશી નાથા ચેરીટેબલ ટ્રસ્ટ ફંડ, મુંબઇ-નલીયા |
| ૧,૦૦,૦૦૦ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (ઈસ્ટ), મુલુંડ |
| ૫૧,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલી |
| ૩૦,૦૦૦ | શ્રી કિરણ ચાંપશી પાલાણી, કોઠારા-ચુનાભટ્ટી |
| ૩૦,૦૦૦ | શ્રી શ્વેતાંબર જૈન મંદિર, તિરપુર |
| ૨૫,૦૦૦ | શ્રી અચલગચ્છ જૈન સંઘ, આદિપુર |
| ૨૫,૦૦૦ | શ્રી ફેનીલ મુકેશ ગોવિંદજી લોડાયા, કોઠારા-સાયન |
| ૨૧,૦૦૦ | શ્રી નાકોડાજી પાર્શ્વનાથ નગર, આદિપુર |
| ૨૧,૦૦૦ | શ્રી રવિ ગુલાબભાઇ ટોકરશી લોડાયા, કોઠારા-ડોંબિવલી |
| ૨૦,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ, વડોદરા |
| ૨૦,૦૦૦ | શ્રી નવલબાઇ દામજી હંસરાજ ધરમશી પરિવાર રીલીજીસ ચેરીટેબલ ટ્રસ્ટ- ગાંધીધામ |
| ૧૨,૦૦૦ | માતુશ્રી લીલબાઇ શીવજી લોડાયા (હસ્તે દિપકભાઇ), જખૌ |
| ૧૨,૦૦૦ | શ્રીમતી સરલા રમણીકલાલ શાહ (રાજા એન્ડ રાજા), હાલાપર |
| ૧૧,૦૦૦ | માતુશ્રી સોનબાઇ હીરજી નરશી લોડાયા (હસ્તે દીકરીઓ), કોઠારા |
| ૧૧,૦૦૦ | માતુશ્રી વેલબાઇ દામજી માણેકજી ધરમશી, કોઠારા-વડાલા |
| ૧૧,૦૦૦ | શ્રી જેઠીબાઇ જિનાલય વાશી, નવી મુંબઇ |
| ૧૧,૦૦૦ | શ્રી હીરાચંદ રાઘવજી શાહ, કોઠારા-અંકલેશ્વર |
| ૧૧,૦૦૦ | શ્રી હંસરાજ ધનજી પાસડ, નાગ્રેચા |
| ૧૦,૦૦૦ | શ્રી શેઠશ્રી નાયક જેઠાભાઇ દંડ, કોઠારા-અમેરીકા |
| ૧૦,૦૦૦ | શ્રી ખીમજી ઠાકરશી ધરમશી કોઠારા-અમેરીકા |
| ૭,૫૦૦ | કુમારી તનવી કિરીટ ગડા, મુંબઇ |
| ૭,૦૦૦ | શ્રી જનક હીરજી રાયશી ધરમશી, કોઠારા-મુલુંડ |
| ૭,૦૦૦ | શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, અમદાવાદ |
| ૬,૨૦૦ | શ્રી કોચીન શ્વેતાંબર જૈન સંઘ, કોચીન |
| ૬,૦૦૦ | શ્રી જૈન શ્વેતાંબર સમોસરણ, પાવાપુરી |
| ૫,૫૫૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સુરત |
| ૫,૫૦૦ | શ્રીમતી લક્ષ્મીબેન જવેરચંદ વિસનજી ધરમશી, બીજાપુર |
| ૫,૧૧૧ | માતુશ્રી ગીતાબેન રતિલાલ ધનજી અજાણી, કોઠારા-ઘાટકોપર |
| ૫,૧૦૦ | માતુશ્રી સાકરબેન હંસરાજ ચંદે, કોઠારા-મુલુંડ |
| ૫,૦૦૧ | શ્રીમતી રમીલાબેન ધનપતિ હીરજી લોડાયા, કોઠારા |
| ૫,૦૦૧ | માતુશ્રી સ્વ. વેજબાઇ લક્ષ્મીચંદ નાગડા, કોઠારા-ઘાટકોપર |
| ૫,૦૦૧ | શ્રીમતી ખમાવંતી મહેન્દ્ર પદમશી લોડાયા, કોઠારા |
| ૫,૦૦૦ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂ.પૂ. સંઘ, નાલાસોપારા |
| ૫,૦૦૦ | અ.સૌ. પ્રિયંકા ઉમેશ હરિશ મુનવર, કોઠારા-અમદાવાદ |
| ૫,૦૦૦ | શ્રી હરિયા ભાવિક મંડળ, બાડા |
| ૫,૦૦૦ | શ્રીમતી પ્રવિણા પ્રદિપ ઝવેરચંદ મુનવર, કોઠારા |
| ૫,૦૦૦ | શ્રી ગોવિંદજી મેગજી મોતા, હ વિનોદભાઇ, કોઠારા |
| ૫,૦૦૦ | શ્રીમતી હેમલતા ઇન્વેસ્ટમેંટ પ્રાઇવેટ લી., મુંબઇ |
| ૫,૦૦૦ | શ્રી જ્યોતિ પાર્ક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, કાંદીવલી |
| ૫,૦૦૦ | શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, ઘાટકોપર |
| ૫,૦૦૦ | શ્રી જીનજ્ઞા સંઘ, ગોરેગામ |
| ૫,૦૦૦ | શ્રી મહેન્દ્ર જેઠાલાલ શેઠીયા, મુંબઇ |
| ૫,૦૦૦ | શ્રી ઉત્તપલ દિનેશ ખીમજી ધરમશી, વસઇ |
| ૫,૦૦૦ | શ્રી પ્રહલાદનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ |
| ૫,૦૦૦ | શ્રી ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ, કોઇમ્બતુર |
| ૫,૦૦૦ | શ્રીમતી લીના રાયચંદ શીવજી, કોઠારા-ઘાટકોપર |
| ૫,૦૦૦ | શ્રી કુંથુનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, અમદાવાદ |
| ૫,૦૦૦ | શ્રી ગુજરાત કચ્છી યાત્રા સંઘ, હૈદરાબાદ |
| ૫,૦૦૦ | શ્રી રત્નશ્રી આરાધના ભવન ટ્રસ્ટ, અમદાવાદ |
| ૫,૦૦૦ | શ્રી સેવાભાવી સદ્ગૃહસ્થ, કોઠારા |
| ૫,૦૦૦ | શ્રી અચલગચ્છ જૈન સંઘ, બાડમેર |
| ૫,૦૦૦ | શ્રી બડગરા જૈન દેરાસરજી, બડગરા |
| ૩,૫૦૦ | શ્રી નરસીંગ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મલાડ |
| ૩,૧૦૦ | માતુશ્રી મણીબાઇ નરશી લોડાયા (હ.નરેન્દ્રભાઇ), મુલુંડ |
| ૩,૦૦૦ | માતુશ્રી પ્રેમાબાઇ રતનશી ધરમશી, કોઠારા |
| ૩,૦૦૦ | શ્રીમતી કલ્પના શાંતિલાલ ધરમશી, કોઠારા |
| ૨,૫૦૦ | માતુશ્રી વેલબાઇ વેલજી ગાલા, મુંબઇ |
| ૨,૫૦૦ | શ્રી વડોદરા સચ્ચાઇમાં પરિવાર, વડોદરા |
| ૨,૫૦૦ | માતુશ્રી મણીબેન મંગલદાસ ઠક્કર, કોઠારા-ઘાટકોપર |
| ૨,૫૦૦ | શ્રી અનિલ ચાંપશી ચત્રભોજ મોતા, કોઠારા-અંધેરી |
| ૨,૫૦૦ | શ્રી કોઠારા જૈન મહિલા મંડળ, મુંબઇ |

## શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારાને માસ ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં આવેલ યોગદાનની યાદી

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૨,૫૦૦ | શ્રીમતી લીલાવંતી વિસનજી છેડા, વાંકી-પત્રી |
| ૨,૫૦૦ | શ્રીમતી તેજબાઇ ટોકરશી છેડા, શેરડી |
| ૨,૧૦૦ | શ્રી પરેશ જવેરચંદ નાગડા, ઘાટકોપર |
| ૨,૧૦૦ | શ્રીમતી જયશ્રી, ચેતના, અનીતા, મુંબઇ |
| ૨,૧૦૦ | શ્રીમતી વિજયા હરિશ ધનજી ડાઘા, વરાડીયા |
| ૨,૦૦૦ | શ્રી કચ્છી વીશા ઓશવાલ જૈન સંઘ, અંબરનાથ |
| ૨,૦૦૦ | શ્રી દેવપુંજ હોલમાં પર્યુષણ દરમ્યાન પ્રતિક્રમણ કરતા બહેનો, મુલુંડ |
| ૨,૦૦૦ | અ.સૌ. જસ્મીન જયંત લોડાયા, મુલુંડ |
| ૨,૦૦૦ | શ્રી મહાવીર સ્વામી જૈન ટ્રસ્ટ, ચર્ચગેટ |
| ૨,૦૦૦ | શ્રી લધ્ધાભાઇ ચાંપશી ગાલા, લાકડીયા |
| ૨,૦૦૦ | શ્રીમતી કોરાઇબાઇ ચાંપશી ગાલા, લાકડીયા |
| ૨,૦૦૦ | શ્રી શાલીભદ્ર અચલગચ્છ જૈન સંઘ, ચુનાભઠ્ઠી |
| ૨,૦૦૦ | શ્રીમતી તરલા તારાચંદ મોતા, ભાંડુપ |
| ૨,૦૦૦ | શ્રીમતી ગુણવંતી વાલજી ધરમશી, કોઠારા-વડાલા |
| ૨,૦૦૦ | શ્રીમતી મીનાબેન મણીલાલ ખોના, ભાંડુપ |
| ૨,૦૦૦ | શ્રી પ્રદિપભાઇ કોઠારી, મુંબઇ |
| ૨,૦૦૦ | શ્રીમતી રેખાબેન દિનેશ લાલન, મુંબઇ |
| ૨,૦૦૦ | શ્રીમતી મીનાબેન હિરેન વોરા, મુંબઇ |
| ૨,૦૦૦ | શ્રીમતી રિયા લલીત વિસરીયા, મુંબઇ |
| ૨,૦૦૦ | માતુશ્રી મણીબેન રામજી ગાલા (ગણેશ ચાય), ઘાટકોપર |
| ૨,૦૦૦ | માતુશ્રી લીલાવંતી રતિલાલ નરશી લોડાયા, કોઠારા-મલાડ |
| ૨,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ, ડોંબિવલી |
| ૨,૦૦૦ | ચિ. આયુષ વિશાલ પાલાણી, કોઠારા-અમદાવાદ |
| ૨,૦૦૦ | શ્રી મેઘજી કલ્યાણજી, ડુમરા |
| ૧,૬૨૫ | શ્રી માનપુરા નવરાત્રી મંડળ, કોઠારા |
| ૧,૨૦૦ | શ્રી રતિલાલ નાગશી નાગડા, કોઠારા-ડોંબિવલી |
| ૧,૨૦૦ | શ્રીમતી નિલમબેન વિશાલ પાલાણી, કોઠારા |
| ૧,૧૧૧ | માતુશ્રી કાન્તાબેન વિરજી ધરમશી, ખાર |
| ૧,૧૧૧ | શ્રી લાલજી શામજી અજાણી, કોઠારા |
| ૧,૧૧૧ | કુ. પુષ્પાબેન લાલજી અજાણી, કોઠારા |

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૧,૧૧૧ | માતુશ્રી કસ્તુરીબાઇ હીરાચંદ મુનવર, કોઠારા |
| ૧,૧૦૦ | શ્રી દામજી દેવજી સાવલા, કોડાય |
| ૧,૧૦૦ | શ્રીમતી ચંદનબેન લખમશી લાપસીયા, કોઠારા |
| ૧,૧૦૦ | શ્રી દેવેન્દ્ર ખીયશી જીવાણી, કોઠારા |
| ૧,૧૦૦ | શ્રી ખીમજી ચત્રભોજ ખોના, કોઠારા |
| ૧,૧૦૦ | શ્રી હીરજી શામજી પાંચુભાઇ લોડાયા, કોઠારા-ડોંબિવલી |
| ૧,૧૦૦ | માતુશ્રી મકુંબાઇ ગાંગજી શાહનંદ, કોઠારા |
| ૧,૧૦૦ | મહાકાલી મંડળ, વર્ધમાનનગર-ભુજ |
| ૧,૧૦૦ | શ્રીમતી વનિતા દામજી નાગડા, કોઠારા |
| ૧,૦૦૧ | માતુશ્રી નવલબાઇ માણેકજી પાલાણી, કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી કામાગલી વર્ધમાન જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર |
| ૧,૦૦૦ | શ્રી સુમતીનાથ ભગવાન ગૃહ જિનાલય, સાંતાક્રુઝ |
| ૧,૦૦૦ | શ્રીમતી રતનબેન રામજી લાલજી ગોસર, કોટડી મહાદેવપુરી |
| ૧,૦૦૦ | અ.સૌ. ચંચલબેન વિનોદભાઇ દેવજી કાયાણી, નાગપુર |
| ૧,૦૦૦ | શ્રીમતી ભાનુબેન રતનશી ગાલા, લાકડીયા |
| ૧,૦૦૦ | શ્રી વીરચંદ જેઠાભાઇ લોડાયા, કોઠારા-ભાંડુપ |
| ૧,૦૦૦ | શ્રીમતી ચંચલબાઇ ડુંગરશી, ચુનાભઠ્ઠી |
| ૧,૦૦૦ | શ્રી આર. કે. ગોસ્વામી, કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી નંદલાલ મણીલાલ ગજ્જર, કોઠારા-ભુજ |
| ૧,૦૦૦ | શ્રી હીરજી નરશી ભારમલ લોડાયા, કોઠારા |
| ૧,૦૦૦ | માતુશ્રી સોનબાઇ ચત્રભોજ નાગડા, હ. મયુરભાઇ, કોઠારા |
| ૧,૦૦૦ | માતુશ્રી મણીબાઇ ટોકરશી મોતા, કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી પ્રફુલ જેઠાભાઇ મુનવર, પુના |
| ૧,૦૦૦ | શ્રી વીર સાવરકર માર્ગ ગાર્ડન, બોરીવલી |
| ૧,૦૦૦ | શ્રી સદ્‌ગૃહસ્થ |
| ૧,૦૦૦ | શ્રીમતી મોના ભરત શાહ |
| ૧,૦૦૦ | શ્રી ઈન્દાપુર સામાયક મંડળ, ઈન્દાપુર |
| ૧,૦૦૦ | શ્રી માણેકજી શામજી મોમાયા, સાંયરા |
| ૧,૦૦૦ | શ્રી રમેશ ભવાનજી ગાલા, રાયણ |
| ૧,૦૦૦ | શ્રી મહેશ કેશવજી દેઠીયા, મુલુંડ |

**પશુ આહાર ભેટ :–** ભૂસો ગુણી ૨૦ (વીસ) શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ

**નામમાં કોઇ ભૂલચૂક થઇ ગઇ હોય તો સુધારીને વાંચશો.**

**નોંધ : આ સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્સ એક્ટ કલમ ૮૦ જી મુજબ રાહતપાત્ર છે.**

**બેંક વિગત**

Name : **SHRI KOTHARA PANJRAPOLE KOTHARA**

**DENA BANK**
BHAT BAZAR BRANCH
MUMBAI - 400 009.
A/c. No.: **014610004041**
RTGS : **BKDN0450146**

**DENA BANK**
KOTHARA - KUTCH BRANCH
A/c. No.: **032610001905**
RTGS : **BKDN0330326**

સંપર્ક : **મેનેજીંગ ટ્રસ્ટી નલિન કેશવજી અજાણી**
ફોન : **022-2340 0251** ● મોબાઇલ : **098200 43645**
(સમય : બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે)

સ્થાનિક સંપર્ક : **કાન્તીલાલ લાલકા**
મોબાઇલ : **09377088890**

।। જય જય શ્રી મોમઈ માત ।।

## શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ (વરાડીયા)

## પહેડી આમંત્રણ

વરાડીયા ડાઘા કુળદેવી **શ્રી મોમઈ માતાજીની આગામી સળંગ ૨૭મી પહેડી**નું આયોજન સંવત ૨૦૭૫ મહાસુદ-૧૧ને **રવિવાર તા. ૧૭-૨-૨૦૧૯**ના કરેલ છે.

**❖ લાભ લેનાર દાતાશ્રી ❖**

**શ્રી પદમશી ચત્રભુજ ડાઘા સહ પરિવાર**

**શુભ સ્થળ : આઈરીશ હૉલ**, જ્ઞાન સરિતા સ્કુલ પાસે, પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ)

**❖ શુભ પ્રસંગો ❖**

| | |
|---|---|
| **સ્થાપના જુહાર** | : સવારના ૮.૩૦ કલાકે |
| **ભક્તિ ભાવના** | : સવારના ૯.૩૦ કલાકેથી |
| **નૈવેધ આરતી** | : સવારના ૧૧.૪૫ કલાકે |
| **પહેડી પ્રસાદ** | : બપોરના ૧૨.૧૫ કલાકેથી |

**નોંધ :** વરાડીયા ઉપરાંત નલીયા, તેરા, સુથરી, ગોએરસમાના ડાઘા કુળના સહુ ભાવિકોને તથા સહુ નિયાણીઓને સજોડે પધારવા સહર્ષ આમંત્રણ છે.

**ભક્તિ ભાવના : શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ વરાડીયા તથા શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ ભણાવશે.**

**નોંધ :** કૃપા કરી પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં.

**આપના આગમન પથ પર રાહ જોનાર :**

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ (વરાડીયા)** અને

**શ્રી પદમશી ચત્રભુજ ડાઘા સહ પરિવાર**

ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી દાદા ભલારા દેવસ્થાનની ધ્વજા તથા માતાજીની ભુવાશ્રીની ની ગંધી (બાનો) બદલીનો કાર્યક્રમ તા. ૯-૪-૨૦૧૯ થી તા. ૧૦-૪-૨૦૧૯

ડાઘા ભાવિકો ખાસ ધ્યાન આપશો : સંવત ૨૦૭૫ ચૈત્ર સુદ-૫ને બુધવાર તા. ૧૦-૪-૨૦૧૯ના દિને વરાડીયા સ્થાનકે ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીના મંદિર તથા શ્રી દાદા ભલારા સ્થાનકનો ધ્વજારોહણ તથા માતાજીના ભુવાશ્રીની ગંધી (બાનો) બદલીનો કાર્યક્રમ યોજેલ છે. તો આપશ્રી સહુ સહકુટુંબ વરાડીયા પોતાની રીતે ટિકિટો કઢાવીને તા. ૦૯-૦૪-૨૦૧૯ના પહોંચી આવશોજી. તા. ૦૯-૦૪-૨૦૧૯ બુધવારના સાંજે શ્રી ભલારા દાદાનો પાઠ રહેશે તથા રાત્રે માતાજીની ભક્તિ ભાવના થશે તેમજ તા. ૧૦-૦૪-૨૦૧૯ બુધવારના સવારના ધ્વજારોહણ તથા ગંધી બદલીનો કાર્યક્રમ સાથે સમુહ પહેડી પ્રસાદ રહેશે. તો આપશ્રી સહુ બહોળી સંખ્યામાં સહભાગી થવા જરૂરથી પધારશોજી.

**નોંધ :** આપના આગમનની અગાઉથી જાણ અમોને કરશો જેથી સ્થાનિકે જરૂરી વ્યવસ્થા થઇ શકે.

**ખાસ નોંધ :** તા. ૦૯-૦૪-૨૦૧૯ના શ્રી ભલારા દાદાના પાઠ માટે તથા તા. ૧૦-૦૪-૨૦૧૯ના શ્રી મોમઈમાની પહેડી માટે દાતાશ્રી આવકાર્ય)

**આપના સલાહ સૂચનો તથા સાથ સહકાર આવકાર્ય છે.**

**લી. શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ-વરાડીયા વતી, પદાધિકારીઓ**

**સંપર્ક : 9004391412**

## શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

દ્વારા આયોજિત

## મોમાઈ માંની ભવ્ય ૨૬મી સમૂહ પહેડી

**● શુભ દિન ●**

વિક્રમ સંવત ૨૦૭૫, પોષ સુદ-૧૪, રવિવાર, તા. ૨૦.૦૧.૨૦૧૯

**● શુભ સ્થળ ●**

**જીવરાજ ભાણજી સભાગૃહ**

અશોક નગર, મેહુલ ટોકીઝની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.

શ્રી વરાડીયાના મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૬મી સમૂહ પહેડી વિ.સં. ૨૦૭૫, પોષ સુદ-૧૪, રવિવાર, તા. ૨૦.૦૧.૨૦૧૯ના શુભદિને મુલુન્ડ ખાતે હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાશે.

### કાર્યક્રમની રૂપરેખા

| | |
|---|---|
| સવારે ૭:૩૦ કલાકે | માતાજીને વાજતે-ગાજતે તેડવાનું સ્થળ : સર્વોદય નગર બસ સ્ટોપ, મુલુન્ડ પાસેથી રહેશે. |
| સવારે ૭:૩૦ કલાકે | નવકારશી |
| સવારે ૮:૩૦ કલાકે | માતાજીને પોંખવાની વિધિ રહેશે. |
| સવારે ૯:૦૦ કલાકે | શ્રી ગણેશજી સ્થાપના |

ભક્તિ ભાવના, માતાજીની આરતી, પહેડી-મહાપ્રસાદ, બપોરના ચા-પાણી, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ડી.જે.

ચૌવિહાર વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સર્વે વરાડીયા મોમાયા પરિવારના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર સમૂહ પહેડીમાં પધારવા તથા પહેડી-મહાપ્રસાદનો લાભ આપવા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ છે. આ પ્રસંગે **ચેતનાબેન હરીયા** અને સાથી કલાકારો ભક્તિભાવનાની રમઝટ બોલાવશે. ભાવતા ભોજન પીરસસે **ભલારા કેટરર્સ**ના **શ્રી દિપેશ ચીમનલાલ મોમાયા.**

સમયસર પધારી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે તેમજ શૈક્ષણિક બહુમાન માટે નીચેના કાર્યકરોના નંબર ઉપર સંપર્ક કરશોજી.

**■ સંપર્ક : સાંસ્કૃતિક કાર્યક્રમ ■**



શ્રી ભાવિન મોમાયા - ૯૬૬૪૦૩૮૪૫૨

અ.સૌ. મંજુલાબેન હર્ષવર્ધન મોમાયા - ૭૫૦૬૩૨૭૭૪૭

અ.સૌ. કુંજલબેન કિરીટ મોમાયા - ૮૮૭૯૬૩૪૩૧૧

**■ સંપર્ક : શૈક્ષણિક કાર્યક્રમ ■**



વર્ષ ૨૦૧૭-૧૮, ૭૦% થી ઉપર ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અવશ્ય નામ નોંધાવે.

અ.સૌ. ધારીણીબેન ભૂપેશ મોમાયા - ૯૯૨૦૯૦૭૭૭૦

અ.સૌ. સેફાલીબેન પિયુષ મોમાયા - ૯૮૨૦૨૨૨૯૧૬

**નોંધ : નિયાણી બહેનોના પરિવાર પણ ભાગ લઇ શકશે.**

**લિ. વરાડીયા મોમાયા પરિવાર વતી**

**ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**

## ધાર્મિક વારસા રૂપે વરાડીયાના દાદીમા લીલબાઇ ગેલા માણેક ડાઘા રચીત
## વિરાસત સમી વીસરાતી 'ગહુંલીઓ' – લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડુપ




આપણને ધાર્મિક વારસારૂપે ગુરૂ મહારાજ સામે ગુરૂતત્વને મહત્વ આપતી ગુરૂ સર્મપિત 'ગવાતી ગહુંલીઓ હતી. હજી પણ છે પણ ઓપચારીક રૂપે ઓક્સીજન ઉપર જીવતી'.

પખાવજની જેમ કાળો ચોઢાળિયા સજ્ઝાયો, ગીતો, સ્તવનો, ગરબા વગેરેમાં હર ગામે મધુર અવાજે ગાઇ ગવળાવી એ ભાવીકાઓ હાથ, ઢાળ, ભાવ અને લહેકાથી ઉપાશ્રયોમાં ગાઇ રણક્તી રાખતી. લાલામાં મારા માતુશ્રી નેણબાઇ અને નલીયામાં માતુશ્રી લક્ષ્મીબાઇ દામજી મૈશેરી આવી ગહુંલીઓ અને ઉપરોક્ત સૌ પ્રકારના કંઠસ્થ ગાતા મેં સાંભળ્યા મોઢે, અન્ય સૌ ગામોમાં પણ હતી જ, આજે પણ છે, પણ પુસ્તકના આધારે એકાદ બે કડી ગાવા પૂરતી. આજથી ૧૧૫/૧૨૫ વરસ પહેલાં હંસરાજ પરબત (એચ.પી.) ડાઘા, વિનોદ વીરચંદ ડાઘા અને દિપક ગંગાજર ડાઘા પરિવારના દાનવીર પર દાદી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાં સંભવત સર્વ પ્રથમ મહિલા કવિયિત્રી, સન્માનીય સન્નારી શ્રી લીલબાઇ ગેલા માણેક ડાઘા હતા. જેમણે આ.ભ. ગૌતમ સ્વામી મ.સા.ને પરમ શ્રધ્ધેય ગુરૂ પદે સ્થાપીત કરી ૨૨૫ થી વધુ ગહુંલીઓ રચી ૧૦૩ વરસ અગાઉ ગહુંલી સંગ્રહ પુસ્તક સ્વ ખરચે સ્વરચિત ગહુંલીઓના પુસ્તકની ૫૦૦ પ્રત 'ગહુંલી સંગ્રહ'ના નામે છપાવી. કોઇ પણ ગીતમાં છેલ્લે મારી જેમ 'લહેર' ઉપનામ કે સ્વ નામ લખ્યા વીના નાતના અને કે.વી.ઓ. જ્ઞાતિમાં પ્રભાવના કરી. નાતના આ સંસ્કાર વારસાની છુટે હાથે પ્રભાવના કરી હતી. વ્યાખ્યાનના પ્રારંભે ગવાતી 'રાપાં કમળસ કેરી કોડ રે આવો રે સોહાગણ પૂરે સાથીઓ' તથા 'હોય રે સિધ્ધારસ' રચના એમની જ.

શ્રી હંસરાજ પરબત ડાઘા અને સમસ્ત વરાડીયા ડાઘા સવાસો વરસ પહેલાથી જ ધાર્મિકતા અને સખાવતે મા. ચંપાબાઇ હંસરાજ પરબત ડાઘાની જેમ અગ્ર રહ્યું છે.

દાદીમાનો અવાજ ધીર ગંભીર અને કોયલ સમો મીઠો હતો. એ ગાતા ત્યારે ગુરૂભગવંતો સાથે પસંદામાં હાજર સૌ ભાવુક થઇ જાતા. પરિવારની એ કેડીએ દિપકભાઇ ગીતો લખે છે મ.સા.ની વૈયાવચ્ચે અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા, મા મધુરીબેન મહેન્દ્ર ડાઘા, અ.સૌ. ગીતા બહેન વિનોદ ડાઘા, વિનોદ ડાઘા, રજનીબેન ડાઘા, હિરાલાલ ડાઘા સૌ પરિવારજનો ગજા પ્રમાણે દાદીમા લીલબાઇ અન માતુશ્રી ચંપાબેનના સંસ્કાર વારસાને શ્રાવક ધર્મે સંસ્કારીને શણગાર્યો છે.

સો વરસનું જિનાલય થાય તો 'તીર્થ' કહેવાય ત્યારે ૨૦૦ થી વધુ ગીત ગહુંલીઓ ને કાયમ સ્વરૂપે ગામના ઉપાશ્રયે નમુના રૂપે ગહુંલીને આકર્ષક ફ્રેમમાં મઢાવી ગામના ગૌરવને ગજાવી. અહોભાવે રાખે તો ? સોનામાં સુગંધ ભળે...

ઇતિહાસ નિર્માણ કરવો પડે તેમ જાળવવો પણ પડે. વરાડીયા મહાજનશ્રી વિચારજો.

ધાર્મિક વારસાને જીવંત રાખવો સંસ્કરણ અને સમૃધ્ધ કરવો આપણી ફરજ છે.

ડાઘા પરિવારના દાદીમા લીલબાઇ માની આવી ગમતી રચના, ગુરૂ સમર્પિત ભાવ, નામની જાહેરાત કર્યા વગર, ગહુંલીઓ રચનાર દાદીમા લીલબાઇ માના ભાવ આગળ ઝૂકી તો જવાય ને ?

તા.ક.: આ અમૂલ્ય ગ્રંથની એક નકલ વિનોદભાઇ ડાઘા પાસે છે.

---

### નવો શુભારંભ – www.hellocutchis.com



આજકાલની ઇન્ટરનેટની દુનિયાને નજરમાં રાખીને અમદાવાદના શ્રી ગૌતમ દૌલતે એક બિઝનેસ પોર્ટલનું સર્જન કર્યું છે, www.hellocutchis.com આમાં કચ્છી જ્ઞાતિના બધાજ ભાઇ-બહેનો, દુનિયાના કોઇપણ ખૂણામાં રહેતા હોય, પોતાનો બીઝનેસ નોંધાવી શકે છે. તેમજ તેમના બીઝનેસની જાહેરાત પણ આપી શકશે. આ ઉપરાંત તેમના બીઝનેસની વિગતો update પણ કરી શકશે.

આ પોર્ટલ રજુ કરવા તેમની ટીમે કચ્છીઓના ૨૦૦૦ બીઝનેસ-હાઉસની માહિતી એકત્રિત કરી હતી. તેમનો પ્રયાસ છે કે બધા કચ્છી બિઝનેસ-હાઉસની સહજ રીતે માહિતી એક છત્ર નીચે મળી રહે. જેથી તેમના ઉદ્યોગ-વ્યાપારને ઉપર લાવવામાં મદદ મળવાની સાથે પરસ્પરના વિકાસને પણ સહજ ટેકો મળી રહે. આથી દેશના વિવિધ ભાગોમાં રહેતા કચ્છીઓ નજીક આવી શકશે અને આર્થિક રીતે વધુ મજબૂત થશે.

ભવિષ્યમાં કચ્છી ભાઇ-બહેનો માટે કામકાજની તકો માટે Job-Portal બનાવવાનો વિચાર કરે છે. જે નોકરી કરવા ઇચ્છતા ઇચ્છુક અને નોકરી આપનાર બન્નેને મદદરૂપ થશે. આ ઉપરાંત વૈવાહિક માહિતી માટે પણ metrimoniel-portal બનાવવાનો વિચાર કરે છે.

# શ્રી ક.દ.ઓ. જૈન સાંયેરા મહાજન ટ્રસ્ટ

ટ્રસ્ટ નોંધણી નં. : એ-૪૩૩-કચ્છ

સાંયેરા-કચ્છ

## બેલેન્સ સીટ તા.: ૩૧-૦૩-૨૦૧૮

| ફંડ અને જવાબદારીઓ | રકમ | રકમ | મિલકત અને લહેણું | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | | સ્થાવર મિલકત | | |
| મહાજન ટ્રસ્ટ ફંડ | ૨૫૯૨૮૩-૯૪ | | બંગલો | ૨૨૭૫૦-૦૦ | |
| દેરાસરજી ટ્રસ્ટ ફંડ | ૨૫૬૩૮૨૨-૧૪ | | આયંબિલ વાડી | ૧૬૬૯-૦૦ | |
| ચાંદીના દાગીના ફંડ | ૭૫૦૦૦-૦૦ | | ભોજનાલય-અતિથિગૃહ મકાન | ૬૪૨૮૪૪૭-૦૦ | |
| ભોજનાલય-અતિથિગૃહ | | | સાંયેરા સેનેટોરિયમ | ૨૦૬૪૬૯૧-૦૦ | |
| બાંધકામ ફંડ | ૮૭૩૭૬૩૮-૦૦ | | દેરાસરજી ચોક | ૫૧૭-૦૦ | |
| સાંયેરા સેનેટોરિયમ | | | ઓભાયા રામદે મકાન | ૮૯૬-૦૦ | |
| બાંધકામ ફંડ | ૧૬૫૦૦૦૦-૦૦ | ૧૩૨૮૫૭૪૪-૦૮ | જેઠા લખમશી મકાન ૨/૧૬૩ | ૪૫૦-૦૦ | |
| | | | જયશ્રી મહારાજ મકાન ૨/૧૨૪ | ૪૫૦-૦૦ | |
| કાયમી અંકિત ફંડો | | | ધનજી કેશવજી મકાન ૨/૧૦૫ | ૪૫૦-૦૦ | |
| કાયમી અખંડ દિપક ફંડ | ૫૨૪૫૫-૦૦ | | ચાંપુબાઈ મુસરાઈ મકાન ૨/૨૦૦ | ૪૫૦-૦૦ | ૮૫૨૦૭૭૦-૦૦ |
| કાયમી મોટી પુજા ફંડ | ૯૩૦૨૩-૩૯ | | | | |
| કાયમી આંગી ફંડ | ૪૯૩૨૫-૬૭ | | ફર્નીચર અને ડેડ-સ્ટોક | | |
| કાયમી સ્નાત્ર પુજા ફંડ | ૨૮૪૧૩-૩૪ | | ફર્નીચર અને ફિક્ષ્ચર | ૨૩૨૧૫-૦૦ | |
| કાયમી જીવદયા ફંડ | ૨૨૨૪૫-૦૦ | | મહાજન વાસણ | ૩૭૮૩૪-૦૦ | |
| કાયમી મહા અભિષેક ફંડ | ૨૫૦૦૦-૦૦ | | સીસી ટીવી કેમેરા | ૧૬૨૮૮૦-૦૦ | |
| કાયમી જીવદયા-ઘાસચારા ફંડ | ૭૦૬૧૧-૫૦ | | ભોજનાલય અતિથિગૃહ ડેડ-સ્ટોક | ૧૨૦૦૬૩૨-૦૦ | |
| કાયમી ભોજનાલય મિતિ ફંડ | ૨૮૯૩૬૫-૦૦ | | દેરાસરજી ડેડ-સ્ટોક | ૩૮૧૧૯-૦૦ | |
| કાયમી ભોજનાલય ફોટો યોજના ફંડ | ૨૨૨૧૨૨૫-૦૦ | | મહાજન ડેડ-સ્ટોક | ૫૩૫૭૩-૦૦ | |
| કાયમી ભોજનાલય નિભાવ ફંડ | ૧૧૪૩૫૪૪-૦૦ | | ઈલેક્ટ્રીક ફીટીંગ | ૭૮૫૩-૦૦ | |
| કાયમી સાધારણ ફંડ | ૧૮૧૯૭૭૧-૦૦ | | સાંયેરા સેનેટોરિયમ ફર્નીચર | ૭૮૫૬૬૦-૦૦ | |
| કાયમી સર્વ સાધારણ ફંડ | ૩૬૭૬૧૮-૦૦ | ૬૧૮૨૫૯૬-૯૦ | સાંયેરા સેનેટોરિયમ ગાદલા ગોદડા | ૨૪૫૫૦-૦૦ | |
| | | | ભોજનાલય-અતિથિગૃહ ફર્નીચર | ૩૪૩૮૨૯-૦૦ | ૨૬૭૮૧૪૫-૦૦ |
| | | | | | |
| ચાલુ અંકિત ખાતાઓ | | | દર-દાગીના | | |
| જ્ઞાન ખાતું | ૬૮૧૦૧૭-૮૬ | | મહાજન સોનાના દાગીના | ૨૪૯૩૦૦-૦૦ | |
| વંદામણી ખાતું | ૧૮૭૬૬-૨૩ | | દેરાસરજી દાગીના | ૨૩૩૪૯૯૫-૦૦ | ૨૫૮૪૨૯૫-૦૦ |
| જીર્ણોદ્ધાર ખાતું | - | | | | |
| જીવદયા ખાતું | ૧૬૩૦૯૩-૫૦ | | રોકાણ | | |
| ભોજનાલય ખાતું | (૯૩૪૬૧-૩૦) | | એચડીએફસી-મુંબઈ એફડીઆર | | ૧૨૭૦૦૦૦૦-૦૦ |
| સર્વ સાધારણ ખાતું | ૯૮૫૯૯-૦૦ | ૮૬૭૮૩૫-૨૯ | | | |
| | | | PGVCL ડીપોઝીટ | | ૫૩૨૫૦-૦૦ |
| અતિથિગૃહ ડીપોઝીટ | | ૧૦૦૦૦-૦૦ | ટીડીએસ | | |
| ટીડીએસ ભરવાનું બાકી | | ૨૦૭૪૯-૦૦ | વર્ષ : ૨૦૧૬-૨૦૧૭ | ૧૧૨૭૦૦-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૭-૨૦૧૮ | ૧૦૩૭૬૭-૦૦ | ૨૧૬૪૬૭-૦૦ |
| દેરાસરજી ખાતું | | | | | |
| ગઈ સાલની બાકી | ૨૪૧૪૮૮૯-૪૧ | | કોન્ટ્રાક્ટર એડવાન્સ | | |
| ચાલુ વર્ષનો વધારો | ૧૩૯૭૯૬૫-૫૦ | ૩૮૧૨૮૫૪-૯૧ | ધીરજ પી. રામાણી | | ૨૮૬૪૩૬૪-૦૦ |
| | | | | | |
| સાધારણ ખાતું | | | સ્ટાફ એડવાન્સ | | |
| ગઈ સાલની બાકી | ૩૧૨૧૪૨૫-૫૨ | | ગંગાબાઈ મુરૂભા રાઠોડ | ૧૩૦૦૦-૦૦ | |
| ચાલુ વર્ષનો વધારો | ૮૯૪૮૫૫-૧૦ | ૪૦૧૬૨૮૦-૬૨ | કાનાભાઇ ભીખાભાઇ | ૧૧૫૦૦-૦૦ | ૨૪૫૦૦-૦૦ |
| | | | | | |
| | | | રોકડ તથા બેંક બેલેન્સ | | |
| મહાજન ખાતું | | | દેના બેંક-કોઠારા બચત ખાતા | | |
| ગઈ સાલની બાકી | ૨૦૭૭૫૯૨-૯૨ | | નં. : ૦૩૨૬૧૦૦૦૧૮૭૫ | ૨૨૫૬૭૯-૭૦ | |
| ચાલુ વર્ષનો વધારો | ૧૪૬૦૭૭-૦૦ | ૨૨૨૩૬૬૯-૯૨ | દેના બેંક-મુંબઈ બચત ખાતા | | |
| | | | નં : ૦૦૨૩૧૦૦૦૧૭૧૩ | ૪૯૫૮૭૦-૦૨ | |
| | | | રોકડ પુરાંત | ૫૬૩૯૦-૦૦ | ૭૭૭૯૩૯-૭૨ |
| કુલ | | ૩૦૪૧૯૭૩૦-૭૨ | કુલ્લ | | ૩૦૪૧૯૭૩૦-૭૨ |

તપાસ્યું અને બરાબર માલુમ પડયું
વતી ખીમજી કુંવરજી ની કંપની (ગાંધીધામ)
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ફર્મ રજીસ્ટ્રેશન નં : ૧૦૫૧૪૭ ડબલ્યુ

ટ્રસ્ટી : તારીખ : 14 AUG 2018

ટ્રસ્ટી
શ્રી ક.દ.ઓ સાંયેરા જૈન મહાજન ટ્રસ્ટ

KHIMJI KUNVERJI & CO. Chartered Accountants

પદમશી એલ. લાલકા
ભાગીદાર
સભ્યપદ નં : ૫૧૩૬

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર.

**મુંબઇ કાર્યાલય :** ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર ટૉકીઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. ફોન : 25930696

E-mail : sevakbharudiyatrust@gmail.com • Website : www.sevakbharudiyatrust.in


## ૧૩મી વાર્ષિક સામાન્ય સભા

જય જિનેન્દ્ર,

આપણા સંઘની ૧૩મી વાર્ષિક સામાન્ય સભા **તા. ૨૦-૦૧-૨૦૧૯**ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### ❖ એજેન્ડા ❖

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા તેને બહાલી.

૨) વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી.

૩) વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે ઓડીટરની નિમણુંક કરવી.

૪) પ્રમુખશ્રીની પરવાનગી થી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**નોંધ :** કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે, તથા તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**-: સભાનું સ્થળ :-**

**શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ,**
દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઇ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.

**-: સભાનો સમય :-**

**બપોરે ૩.૩૦ થી ૬.૦૦ કલાકે**

**ચા અને અલ્પાહારની વ્યવસ્થા છે.**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડિટ રિપોર્ટ તા. ૧૦-૦૧-૨૦૧૯ થી તા. ૧૨-૦૧-૨૦૧૯ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઇ કાર્યાલયમાં જોઇ શકાશે. આપણા સંઘની વેબસાઇટ **www.sevakbharudiyatrust.in** ઉપર મુકવામાં પણ આવે છે તો સભ્યો ત્યાં પણ જોઇ શકે છે.

## -: નમ્ર નિવેદન :-

આપણા દેરાસરના વાર્ષિક સાધારણના નકરા (તા. ૦૧-૦૪-૨૦૧૯ થી તા. ૩૧-૦૩-૨૦૨૦) દરેકના રૂા. ૧૧૦૦૦/- પ્રમાણે નીચે મુજબ છે.

**૧) વાસક્ષેપ પૂજા, ૨) પક્ષાલ પૂજા, ૩) અંગલુછણા, ૪) ચંદન પૂજા, ૫) ફૂલ પૂજા, ૬) ધુપ પૂજા, ૭) દીપક પૂજા.**

**વહેલો તે પહેલોના ધોરણે મુંબઇ કાર્યાલયે નામ લખાવવા વિનંતી.**

પ્રથમ તીર્થંકર ભગવંત દેવાધિદેવ શ્રી આદિનાથ દાદાના દેવવિમાન તુલ્ય આપણા જિનાલયોની ચૌદમી ધજાનો પાવન દિવસ મહા વદ અમાસ ને તા. ૦૫-૦૩-૨૦૧૯ને મંગળવારના નિર્ધારિલ છે.

ધ્વજાના કાયમી દાતા પરિવાર

**માતુશ્રી નવલબેન મણીલાલ દંડના પરિવાર** ના હસ્તે લહેરાશે.

**આ ધ્વજારોહણનો મંગલમય પ્રસંગ સરસ રીતે ઉજવવા તથા બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

એજ લિ. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી...**

**રાજેશ કાંતિલાલ ધરમશી** (માનદ્‌મંત્રી)

# ''વારાપધ્ધર'' ગામમાં ''લાલકા'' પરિવારની પેડી

વારાપધ્ધર ગામમાં બીરાજમાન **''લાલકા''પરિવારના કુળદેવી ''શ્રી ચામુંડા માતાજી''**ને નમતા ભાવિકોની નવમી પેડી તા. ૨૨-૧૧-૨૦૧૮ સાંજના **શ્રી ભલારા દાદા**નો પાઠ ત્યારબાદ **શ્રી મહાકાલી માતાજી** ની ભાવના ભણાવેલ. તા. ૨૩-૧૧-૨૦૧૮ સવારના **વારાપધ્ધર ગામ** ધણી **શ્રી વારાપીર** ને **ચાદર** તથા **પ્રસાદ** ચડાવી કાર્યક્રમની શરૂઆત કરેલ. માતાજીનાં સ્થાનમાં હવન તથા પેડી ચડાવવામાં આવેલ.

બહારગામથી ભાવિકો તથા દાતા પરિવારના સગાસંબંધી સારી સંખ્યામાં પધારેલ.

નવકારશી -ભલારાદાદાનો પાઠ, પેડી પ્રસાદ, હવનનો લાભ **દાતા પરિવાર શ્રી આણંદજી જેઠાલાલ લાલકા પરિવાર** હસ્તે **અંકુર દીપકભાઇ લાલકા** ગામ **વારાપધ્ધર** હાલ **સેઘવા** એ લાભ લીધેલ.

પેડી પ્રસાદ રસોઇની સામગ્રી સાથે બનાવવા મારાજ **સેઘવા થી દીપકભાઇ** સાથે લઇ આવેલ.

પેડીમાં પ્રથમ વખત **ઇન્દોરની પ્રખ્યાત સેવ, પ્યોર ઘીનું ચુરમું, દાલબાટી,** ડ્રાયફ્રુટ રવાના લાડુનો સ્વાદ ભાવિકોએ માણ્યો. **દીપકભાઇ**એ જાતે દેખરેખ રાખી રસોઇ તૈયાર કરાવેલ. વારાપધ્ધર ગામના મહાજન ટ્રસ્ટી શ્રી અરવિંદભાઇ તથા પુજારી દીલીપભાઇ, અતિથિ ઘરના શીવુભા દરબાર તેમજ સ્થાનીક ભાવિકો, ભદ્રેશભાઇનો સાથ સહકાર બદલ આભાર.

કાર્યક્રમની વ્યવસ્થા અંકુર દીપકભાઇ, ચેતનભાઇ કુસુમકાંત, વિનોદભાઇ, તિલક, લવકુમાર, કાન્તીલાલ, મીત, ધવલ, તેમજ પધારેલ પરિવારના કુટુંબીજનો સંભાવેલ.

આપણા ભાવિકોના સંપર્ક માટે 'વોટસ્એપ'' ગ્રુપ **Jai Chamunda Mataji** નામે બનાવેલ છે. ભાવિકોને નમ્ર વિનંતી ગ્રુપમાં જોડાવવાથી આપનો સંપર્ક થતો રહેશે.

**આપનો સાભાર**



**''ભુઇમા ગુણવંતીબાઇ કાનજી લાલકા''**

**સંકલન : તિલક લાલકાનાં જય માતાજી**






# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ – ૩૭૦૬૪૦.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

માદરે વતન કચ્છમાં દુષ્કાળ પરિસ્થિતિમાં ખાનગી, સામાજીક તથા સરકારી સ્તરે રાહત માટે પ્રસંશનીય સહકાર મળી રહ્યા છે. ઘાસચારો દૂર ના પ્રદેશ થી મળે છે, મોઘું જરૂર છે. પાણી હાલ તો પૂરતું મળે છે. નર્મદા ની પાઇપ લાઇન જખૌ ગામ નજીક થી પોર્ટ જાય છે, તેમાંથી લાઇન માટે દરખાસ્ત મૂકી છે. ૬૦ કી.મી.ની ક્ષેત્રીય પાઇપ જોડાણ થી અબડાસાના પાંચ ગામની પાંજરાપોળનો પાણીનો પ્રશ્ન કાયમી હલ થઇ શકે.

દાતાઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો, મંદિરો તરફથી દાનનો પ્રવાહ રહ્યો છે જે થકી દુષ્કાળની પરિસ્થિતિ ને પહોંચી વળવા વિશ્વાસ છે.

**દાતાઓ દ્વારા નીચે મુજબ દાન/સહાય પ્રાપ્ત થયેલ છે.** ૧) **રૂા.૧,૦૦,૦૦૦/-** (રૂા. એક લાખ) **માતુશ્રી રમીલાબેન કીશોર ગોવિંદજી નાગડા,** જખૌ, હાલ મુલુંડ, મુંબઇ, ૨) રૂા. ૨૧,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ, ૩) રૂા. ૧૧, ૦૦૦/- શ્રી વિલેપાર્લા શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીસ, મુંબઇ, ૪) રૂા. ૫,૦૦૦/- નવસારી શ્રી આદીનાથ શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ, જીવદયા ખાતું, ૫) રૂા. ૫,૦૦૦/- માતુશ્રી પ્રભાબેન ઝવેરચંદ ખીમજી મોમાયા, ડુમરા, હાલ મુલુંડ, મુંબઇ, ૬) રૂા. ૪,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ, ૭) રૂા. ૩,૩૩૩/- માતુશ્રી લક્ષ્મીબાઇ કલ્યાણજી શીવજી નાગડા, જખૌ, હાલ રાયપુર, ૮) રૂા. ૨,૫૦૦/- શ્રી કાન્તિલાલ અરજણ દંડ, મંજલ રેલડીયા, હાલ મુલુંડ, મુંબઇ, ૯) રૂા. ૨,૫૦૦/- સ્વ. શ્રી ખીમજી ચાંપશી મૈશેરી, જખૌ, ૧૦) રૂા. ૨,૦૦૦/- શ્રી જીરાવલ્લા તીર્થ અઠ્ઠમ તપ નિમિત્તે શ્રી રત્નત્રયી ગ્રુપ તરફથી હસ્તે દિવ્યાબેન ગંગર, મુમ્બ્રા, મુંબઇ, ૧૧) રૂા. ૧,૦૦૧/- માતુશ્રી મણીબાઇ કેશવજી ધરમશી, જખૌ, હાલ હુબલી, ૧૨) રૂા. ૧,૦૦૦/- મોહીનીબેન બાલુભાઇ, જખૌ. **અન્ય ભેટ :** નીરી મકાઇ : ૧) મણ - ૭૮, શ્રી દેવજી નારાણ કારા, નાગલુપર (રૂા. ૧૦,૦૦૦/- અંદાજ), ૨) મણ - ૫૦, શ્રી હરજી કાનજી વેકરીઆ, માંડવી (રૂા. ૬,૨૫૦/- અંદાજ)

**નોંધ :** આઇટમ નં. ૨) અને નં. ૬) ની રકમ દેના બેંક, નલીયામાં ડાયરેક્ટ ભરાઇ છે. વિગત નથી દાતાએ સંપર્ક કરી નામ જણાવવા વિનંતી.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા રવિવાર ૧૮ નવેમ્બર ૨૦૧૮ના રોજ સવારે ૮ કલાકે થી રાત્રે ૧૦.૩૦ સુધી સ્પોટર્સ કાર્યક્રમ 'સ્પર્ધા-૨૦૧૮'નું આયોજન કાલિદાસ સ્પોટર્સ કોમ્પલેક્સ, મુલુંડમાં યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થી સંઘના કાર્યકર્તા કુ. ડિમ્પલ જીવાની અને કુ. હર્ષિતા પોલડીયા દ્વારા નવકાર મહામંત્રના સ્મરણ સાથે દાતાશ્રી મહાવીર ટ્રોફીઝ, મુલુંડ (શ્રી અશોકભાઇ નરશી લાપસીયા, મુલુંડ-દલતુંગી), શ્રી સંઘના પ્રમુખશ્રી હેમીલભાઇ દંડ, ઉપપ્રમુખ શ્રી ઊર્મિનભાઇ લોડાયા, માનદ કોષાધ્યક્ષ શ્રી ઋષભભાઇ પોલડીયા અને શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘના કાર્યકર્તા શ્રી હિતેનભાઇ લોડાયા અને શ્રી ચિરાગભાઇ નાગડા દ્વારા દીપ પ્રાગટ્યન કરીને થઇ.

કાર્યક્રમમાં ભાગ લેનારા પ્રતિનિધિને અલગ અલગ ટીમ્સમાં રમાડવામાં આવ્યા હતા અને બધાને પોતાના ટીમ કલરનું ટીશર્ટ આપવામાં આવ્યા. ટીમ્સ ''ઓરેન્જ ઓરાકલ્સ'', ''બ્લેઝિંગ બ્લ્યુસ'', ''યેલ્લો નીંજાસ'', અને ''ગ્રીન ગ્રેમલીન્સ''ને વિદ્યાર્થી સંઘના કોઓર્ડીનેટર અને કેપ્ટનના નેતૃત્વમાં વિવિધ ગેમ્સ ''લગોરી, ખો-ખો, હ્યુમન બાસ્કેટબૉલ, સ્કવેર બૉલ, સ્પાઇડર વેબ, ૨ લેગ્ગેડ ફૂટબૉલ, અને ફન ગેમ રમાડવામાં આવી.

પધારેલ દાતાશ્રીઓ શ્રી કેતુલભાઇ વીરચંદભાઇ પોલડિયા, મીડિયા પાર્ટનર ગુર્જરમાતના શ્રી જયંતભાઇ છેડા અને ટ્રોફી સ્પોન્સર મહાવીર ટ્રોફીઝના શ્રી અશોકભાઇ નરશી લાપસીયાનું બહુમાન કરવામાં આવ્યું. પૂર્ણ દિવસના ગેમ્સ અને સ્કોર્સ બાદ વિજેતા નક્કી કરવામાં આવ્યા. સાંજે ભોજન બાદ ઇનામ વિતરણ શરૂ થઇ. ''ઓરેન્જ ઓરેક્લસ''ને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા, સાથેજ ફર્સ્ટ રનર અપ ''ગ્રીન ગ્રેમલીન્સ'', સેકેન્ડ રનર અપ ''યેલ્લો નિંજાસ'' અને થર્ડ રનર અપ ''બ્લેઝિંગ બ્લ્યુસ''ને ઘોષિત કરાયા. દરેક ગેમ ના પણ વિજેતા ઘોષિત કરી, સૌને સર્ટિફિકેટ, મેડલ્સ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમના દાતાશ્રી માતુશ્રી ભારતીબેન વીરચંદ પોલડિયા (હસ્તે શ્રી કેતુલભાઇ વીરચંદભાઇ પોલડિયા), મે. સુપ્રીમ સોફા એન્ડ ફર્નીચર, ડોંબિવલી-બાયઠ.

**ટ્રોફી સ્પોન્સર : મહાવીર ટ્રોફીઝ (યુનિટ ઑફ શ્રી મહાવીર સ્પોટર્સ-મુલુંડ)** શ્રી અશોકભાઇ નરશી લાપસિયા - મુલુંડ-દલતુંગી. **ફૂડ સ્પોન્સર : શ્રીમતી પિન્કીબેન કમલેશભાઇ ધરમશી** (ભાંડુપ-જસાપર) અને **મે. ટીકીટાર ઇન્ડસ્ટ્રીઝ** - મુંબઇ-વડોદરા.**મીડિયા પાર્ટનર : ગુર્જરમાત, વૉઇસ ઑફ ઘાટકોપર** અને **જ્ઞાતિમૈયા** હતા.

૧૨૦ ખેલાડીઓએ ભાગ લીધેલ અને બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી. સ્પર્ધા-૨૦૧૮ના કન્વીનર રૂષભ પોલડીયા, મીત મૈશેરી અને ઉર્વેશ છેડા હતા. આમંત્રણને માન આપી, સ્પેશિયલ ગેસ્ટ તરીકે શ્રી હિરેનભાઇ ધરમશી (HD Fire Protect Pvt. Ltd.), શ્રી ચીમનભાઇ મોતા, શ્રી હરીશભાઇ ડાઘા, શ્રી વીરેન્દ્રભાઇ લોડાયા અને શ્રી ગુલાબભાઇ ધરમશી પધાર્યા હતા.

### સમાજ તરફથી ફૂલની પાંખડી રૂપે મદદ કરવા અરજ છે.

સરળ સ્વભાવના અને સેવાભાવી એવા ગામ સાંધવ (કચ્છ)ના પરેશ માણેકજી દંડ અને એમની પુત્રી એકતાને નડેલા મહા અકસ્માતમાં એકતાની સાથે ફિલ્મી દ્રશ્યની જેમ ઘટના બની છે. જેમાં એક ખૂબ જ શાંત અને સુંદર સ્વભાવવાળી દીકરી ૧૦ ફૂટની ઉંચાઇયે ફંગોળાઇને જમીન પર પટકાઇ પડતા કોમામાં સરી ગયેલ છે. જિંદગીની જંગ લડી રહેલ આ દીકરી માટે આપણે જરૂર કાંઇક કરીએ. અંદાજિત ખર્ચ મોટી રકમ છે. સમાજ ને વિનંતી છે કે પરિવાર ને મદદ કરવા માટે આગળ આવે.

આપેલી રકમ પહોંચાડવા માટેનો સંપર્ક

પરેશ માણેકજી દંડ - 9819359401

PARESH MANEKJI DAND<br>
INDIAN BANK<br>
Branch : MANDVI MUMBAI<br>
A/C No. : SB - 927208338<br>
IFSC Code : IDIB000M013

### નમ્ર અપીલ

આપશ્રીને જણાવવાનું કે શ્રીમતી રેખા ધીરેન લોડાયા (વર્ષ ૫૮)ને પેટમાં કેન્સર થતા નાસિક ખાતે ''નામકો ચેરીટેબલ ટ્રસ્ટ''ની હોસ્પિટલમાં ત્વરીત સર્જરી કરાવવી પડી, જેનો કુલ ખર્ચ રૂા. ૯ લાખ અંદાજાયો છે. હાલે ૧.૫૦ લાખ ભરી દીધા છે બાકીની રકમ વહેલી તકે ચુકવવાની છે.

કચ્છમાં કોઠારા ગામના અને હાલે નાસિક સ્થિર થયેલા રેખાબેનના પરિવારમાં ૪ જણ છે. તેમના પતિ શ્રી ધીરેન લોડાયા છેલ્લા ૫ વર્ષ થી દેવલાલીમાં શ્રી શાંતિનાથ જૈન દેરાસરમાં ઓફિસનો કારોબાર સંભાળે છે. આ કાર્ય મદદરૂપ થવા વિનંતી.

**Bank Account Details :** For R.T.G.S.<br>
Name : NAMCO CHARITABLE TRUST<br>
Bank Name : THE NASHIK MERCHANT CO-OPERATIVE BANK LTD., NASHIK<br>
Bank Branch : ADGAON NAKA<br>
A/C No. : SB 801 03701010000801<br>
IFSC Code : NBCB0000038

# એકતા ગ્રુપ સાંધવ તેમજ ગૌસેવા સમિતિ




















સાંધવ મધ્યે ''સાંધવ રત્ન'' શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયાની પરમસ્મૃતિમાં ગૌ-સેવાના લાભાર્થે રમાયેલ **MRL CUP 2018** નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું તા. ૯-૧૧-૨૦૧૮ થી તા. ૨૪-૧૧-૨૦૧૮, ૧૬ દિવસનું આયોજન કરવામાં આવેલ જે ખૂબજ સફળતાપૂર્વક પાર થયેલ. કુલ ૫૮ ટીમોએ ભાગ લીધેલ.

નાઈટ ક્રીકેટ ટૂર્નામેન્ટનું સંચાલન એકતા ગ્રુપ સાંધવએ સંભાળેલ તેમજ ગૌસેવાના લાભાર્થે રમાયેલ આ ટૂર્નામેન્ટમાં દાતા પરીવારો તરફથી ખૂબજ સુંદર સહકાર મળેલ.

ઓપનીંગમાં પ્રધ્યુમનસિંહજી જાડેજા (ધારાસભ્ય-અબડાસા) તેમજ કચ્છ વિસ્તારના ઘણા બધા નામી-અનામી મહાનુભાવો પધારેલ. હાલના કચ્છ અબડાસા કોંગ્રેસના પ્રમુખ તરીકે અગ્રણી શ્રીમાન ઇકબાલભાઇ શેઠ હાજી અબ્દુલા મંધરા, રાજસ્થાન રૉયલ ઈલેવન, કોઠારા વિજયી થયેલ. તેમને મળેલ રોકડ ઇનામ ગૌસેવામાં સમર્પણ કરેલ. રનરઅપ ટીમ ગોસ્વામી ઈલેવન, સાંધવે - રોકડ ઇનામ પણ ગૌસેવામાં પરત આપેલ. આખા કાર્યક્રમનું સુંદર આયોજન સરપંચશ્રી જયવીરસિંહ જાડેજા, માજી સરપંચ પ્રતાપસિંહ સોઢા, દીનેશભાઇ રાજગોર, ઝવેરચંદ ખોના તેમજ દીનેશ રામજી લોડાયાએ ખૂબજ જહેમત ઉપાડેલ.

દાતા પરિવારએ આ પહેલા પણ ૧-૧૧-૨૦૧૬ થી ૧૬-૧-૨૦૧૬ સુધીના આયોજનમાં પણ ખૂબજ સહકાર આપેલ. એમના દાનથી દોઢ વર્ષ ચાલે એટલી માતબર રકમ આગલા વખતે પણ જમા થયેલ અને આ વર્ષે પણ ખૂબજ સારી રકમ જમા થઇ જે વર્ષ દરમ્યાન ક્યાંપણ કમી ન વર્તાય એવા પ્રયાસ કરવામાં આવેલ.

સંજોગ અનુસાર પૂર્ણાહૂતીમાં ડૉ. કાન્તીલાલભાઈ દંડ તેમજ જયશ્રીબેન ન પહોંચી શક્યા. એમને શેઠશ્રી સ્મૃતિના પરમ ચિહ્નરૂપે મોમેન્ટો આપવામાં આવેલ. ૨૦૦૯ના દાતા પરીવાર સ્વ. ધીરેન્દ્ર આણંદજી ખોના, સ્વ. નરેન્દ્રભાઇ ખોનાની યાદ તાજી કરવામાં આવી. તેઓશ્રી ૨૦૦૯ની ટૂર્નામેન્ટના પ્રથમ આયોજક હતા એમનું પણ મોમન્ટો આપી સન્માન કરેલ.

ત્યારબાદ ૨૦૧૬ અને ૨૦૧૮ માં થયેલ બન્ને ટૂર્નામેન્ટનું ખૂબજ સફળતાપૂર્વક આયોજન તેમજ માતબર પ્રણામમાં રકમ જમા કરવામાં મુખ્ય સીંહફાળો આપનારા દીનેશ રામજી લોડાયા (મામા)નું એકતા ગ્રુપ દ્વારા ભવ્યાતીભવ્ય 'સન્માનપત્ર' આપીને અભિવાદન કરવામાં આવેલ. પધારેલ સર્વે મહાનુભાવોનું સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. એકતા ગ્રુપના બધાજ સક્રીય કાર્યકરોએ ટૂર્નામેન્ટને સફળ બનાવવા રાત દિવસ એક કરી ચાર ચાંદ લગાવેલ. બધા દાતા પરિવાર તેમજ કાર્યકરોનો ખૂબ ખૂબ આભાર. કોમેન્ટરી તેમજ એમ્પાયરીંગ કરવા પધારેલ ભાઇઓનું ખૂબજ માનભરે મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ. દાતા પરિવારની ભૂરી ભૂરી અનુમોદના.

**લિ. એકતા ગ્રુપ સાંધવ તેમજ ગૌસેવા સમિતિના**

**જય જિનેન્દ્ર, જય ભારત**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ મુખ્યમંત્રીનાં હસ્તે સન્માન કરાયું

કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષે સ્નેહ મિલન પ્રસંગે વિવિધ સેવાભાવીઓનું સન્માન રાજ્યનાં મુખ્યમંત્રીશ્રીનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

ભુજ, ભુજ વિસ્તાર અને સમગ્ર કચ્છમાં માનવજ્યોત સંસ્થા ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા, કચ્છની માનવસેવા અને જીવદયાની પ્રવૃત્તિઓની રાજ્યકક્ષાએ નોંધ લેવામાં આવેલ.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

શત્રુંજય ભાવયાત્રા, ચોવિહાર, ચોમાસી, પ્રતિક્રમણ જેવંતીબેન શાહ તરફથી કરાવવામાં આવેલ. કલકતા મધ્યે પર્યુષણ ખૂબ રૂડી રીતે ઉજવાયા. મુંબઈથી રામ નંદુ, કલ્પેશભાઇ પધારેલ. વ્યાખ્યાન ખૂબ સુંદર આપેલ. બપોરના પૂજનનું આયોજન કરવામાં આવેલ. સ્વપ્ના લક્કી ડ્રો થી કરવામાં આવેલ. પોથી મીરાબેન પ્રેમચંદ મોતાએ પધારેલ. પારણું - નયનાબેન જયંતભાઇ ભુરિયાએ પધારેલ. પારણાનું જાગરણ ખૂબ ધામધૂમથી કરેલ. ચૈત્ય પરિપાટી જેવતીંબેન ગુલાબચંદ શાહ તરફથી કરાવવામાં આવેલ.

તા. ૨૫-૯-૨૦૧૮ના રોજ સ્મિતાબેન કિર્તીબેન તરફથી કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ શુશીલાબેન વસંતભાઇ શાહના ઘરે જાપ રાખવામાં આવેલ. જાપ પછી ધાર્મિક ગેમ્સ રમાડેલ.

તા. ૧૨-૧૧-૨૦૧૮ ગુણવંતીબેન લક્ષ્મીચંદ શાહ તરફથી શ્રી પંચકલ્યાણી પાર્શ્વનાથની પૂજા ભણાવવામાં આવેલ. પૂજા બાદ સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

તા.૨૪-૧૧-૨૦૧૮ મંજરીબેન વીરાના ઘરે કોફી મીટ નું આયોજન કરી બે ગેમ્સ રમાડેલ. ગેમ્સના વિજેતા ૧) કીર્તી શાહ ૨) કેતના શાહને પ્રાઇઝ મળેલ છે. બીજી ગેમ્સ ૧) હેમલતાબેન ૨) લીલાવંતી મારૂ ને પ્રાઇઝ મળેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ ચાલીસગામ

પૂ.સા.શ્રી. જયલક્ષ્મીશ્રીજી પ્રેરીત સ્થાપિત ટ્રસ્ટ પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શને અને દાતાઓના સહકારથી પ્રવૃત્તિ કરી રહ્યુ છે. ઓગસ્ટથી ડિસેમ્બર કાયમી દાતાઓના નામ : ૧) પલ્લવી વિરચંદ શાહ, નાંદેડ, ૨) અ.સૌ. નિશાબેન હિતેશભાઇ મોતા, વાલકેશ્વર ૩) લક્ષ્મીચંદ શામજી મૈશેરી, મુલુંડ, ૪) ચાંદની મહેન્દ્ર નાગડા પાચોરા હસ્તે ખમ્માબેન નાગડા, ૫) યશોધન જીવરાજ લોડાયા, મદ્રાસ હસ્તે મીરા જયેશ નાગડા, ૬) મહેન્દ્ર રાયચંદ નાગડા, પાચોરા હસ્તે ખમ્માબેન નાગડા

શનિવાર નકરો : ૧) તેજ કૃણાલ અનિલભાઇ મોતા, અંધેરી, ૨) બાલાજી, પાચોરા, ૩) પ્રશાંત, પ્રદીપ સંઘવી, પાચોરા, ૪) કાન્તાબાઇ પ્રતાપ લોડાયા, પાચોરા, હસ્તે ગીરીશભાઇ, ૫) પ્રવીણભાઇ ખીમજી કુરીયા, દહીસર હ. વિજયભાઇ, ૬) પ્રેમીલાબેન વાલજી પીર, મલકાપુર.

## કચ્છમાં જૈન સમાજનો સમુહલગ્નોત્સવ ઉજવાશે

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા સમસ્ત જૈન સમાજનો ૨૮મો સમુહ લગ્નોત્સવ ૮ અને ૯ ડિસેમ્બરનાં રોજ શ્રી લીલાશા કુટીયા આદિપુર-કચ્છ મધ્યે યોજાશે. જેમાં જૈન સમાજનાં ૧૬ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોંવિદજી પટેલ તથા પ્રવિણ લોડાયાના જણાવ્યા મુજબ સમાજનાં પરિવારો ખોટા ખર્ચાથી બચે તેવા ઉદેશ સાથે ગ્રુપ દ્વારા દર વર્ષે કચ્છમાં સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે, જેમાં સમાજમાં પરિવારો હોંશે હોંશે જોડાય છે.

ગ્રુપ દ્વારા અગાઉ ૨૭ જેટલા સુમહલગ્નો કચ્છનાં વિવિધ સ્થળોએ ઉજવાઇ ચૂક્યા છે. વિવિધ દાતાશ્રીઓનાં સાથ-સહકાર અને સહયોગથી આ આયોજન સફળતાપૂર્વક પાર પડાય છે. સમુહલગ્નોત્સવ પ્રસંગે જીવદયાનું પણ કાર્ય હાથ ધરાશે.

## એકતા ગ્રુપ સાંધવ

કચ્છ સાંધવ મધ્યે ગૌ સેવાના લાભાર્થે સાંધવ રત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયાની સ્મૃતીમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનું એકતા ગ્રુપ સાંધવ અને ગૌ સેવા સમિતિ દ્વારા ૯-૧૧-૧૮ થી ૨૪-૧૧-૧૮ના ૧૬ દિવસનું આયોજન કરવામાં આવેલ. સંચાલક સરપંચ જયવીરસિંહ જાડેજા, ઉપસરપંચ પ્રતાપસિંહ સોઢા, દિનેશ રાજગોર, ઝવેરચંદ ખોના તેમજ દિનેશ રામજી લોડાયાએ ખૂબજ સુંદર

આયોજન કર્યું. આખો વર્ષ ચાલે એટલી માતબર રકમ દાતાઓ તરફથી મળેલ કુલ ૫૮ ટીમોએ ભાગ લીધેલ. એકતા ગ્રુપના કાર્યકરોએ ખૂબજ યોગદાન આપેલ.

### ચાતુર્માસ પરિવર્તન - તિરૂપુર

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર તિરૂપુર ખાતે આ વર્ષે ૬ સાધ્વીજીઓના ચાતુર્માસનું પરિવર્તન તા. ૨૩-૧૧-૧૮ના રોજ થયું. આ પ્રસંગે માંગલિક પછી નવકારશીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ખંડવા જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં અભિષેક

ચાતુર્માસમાં વિરાજીત પૂ. અમિગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૬ની પાવન નિશ્રામાં જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં વિશ્વ શાંતિ, સંઘ શાંતિ, શુદ્ધિકરણ માટે એક જલધારા મહાભિષેક ધામધૂમ થી કરવામાં આવ્યો. તેમાં સકલ સંઘે હોંશે હોંશે ભાગ લીધો. શ્રી હિરેન વીશનજી ગોસર પરિવારે એનો સંપૂર્ણ લાભ લીધો.

### તિરૂપુર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ

૨૫-૧૧-૨૦૧૮ના મુર્યાચી મક્કલ અમાઇયુ કાર્યાલય ખાતે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૮ યુનીટ રક્ત એકત્રિત થયું હતું જેની વ્યવસ્થામાં સતીષ એચ. નાગડાએ અન્ય પદાધિકારી સાથે જહેમત ઉઠાવી હતી.

### સમસ્ત મહાજનના મહાસમિતિના પ્રતિનિધિઓની મીટીંગ

૨૫-૧૧-૨૦૧૮ વીરજી લધાભાઇ વિદ્યાર્થી ગૃહમાં મળી હતી. આમાં સેક્રેટરી જનરલે સંમેલનમાં આવનારા ઠરાવોનું અમલીકરણ કેમ કરવું એના વિશે પ્રતિનિધિઓની સાથે ચર્ચા વિચારણા કરી હતી.

જ્ઞાતિબંધુઓને પોતાના ધંધા વગેરે માટેની નાની રકમની વગર વ્યાજે નાણાકીય સહાય તરત મળી રહે અને એની વસૂલી માટેની યોજનાની ચર્ચા વિચારણા થઇ. એક સભ્યે આ નાણાં સમયસર પાછા મળી શકે એવી જો કોઇ વ્યવસ્થા હોત તો આ માટે જરૂરી ફંડ પુરું પાળવાની તૈયારી બતાવી. આ ઉપરાંત, જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આવાસ પૂરું પાડવા અને બીજી જ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો જે વિધવા અથવા ત્યક્તા છે. એમની જ્ઞાતિમાં ગણતરી કરવી કે નહીં અને આપણી વિવિધ સખાવતી સંસ્થાઓના કાર્યોમાં એકરૂપતા ન આવી જાય, એક જ કાર્ય માટે બધી સંસ્થાઓ પ્રવૃત્ત ન થાય તો વિવિધ ક્ષેત્રે વ્યવસ્થિત કાર્ય કરી શકાય એ વિશે ચર્ચા થઇ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

શુક્રવાર તા. ૦૪-૦૧-૨૦૧૯ થી રવિવાર, તા. ૬-૧-૨૦૧૯ના આયોજીત સાપુતારા, વણી, નાસીક, દેવલાલી યાત્રા પ્રવાસ વ્યક્તિદીઠ રૂા. ૧૫૦૦/- ભરવાના રહેશે. વહેલા તે પહેલાનાં ધોરણે ૧ બસમાં નામ લખવામાં આવશે. સંપર્ક જયંતીલાલ મૈશેરી - **9819748250.**

### અમરાવતીથી ૯૩ વર્ષીય હીરજી કુંવરજી જીવાણીએ મોકલેલ સમાચાર

અત્રે વાસણ બજારમાં સ્થિત જૈન શ્વેતાંબર બડા મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત મંદિરને ૧૫૦ વર્ષ પૂર્ણ થયાં છે તે નિમિત્તે રાષ્ટ્રીય ટપાલ ખાતા તરફથી બે દિવસીય પ્રદર્શન યોજાયું. જે નિમિત્તે તેની સ્મૃતિમાં સ્પેશ્યલ ફર્સ્ટ ડે કવર બહાર પાડવામાં આવ્યું તેમજ કેન્દ્ર સરકારમાં તેનું અધિકૃત રજીસ્ટ્રેશન કરાવવાનો નિર્ણય લેવાયો.

અત્રે શ્રીમતી ધનલક્ષ્મીબેન નાગડા તરફથી છેલ્લાં ૩૯ વર્ષથી તેમના ઘરે મહાકાલી માતાજીની ભાવના યોજાય છે, જેમાં ગુજરાતી, મારવાડી અને કચ્છી સમાજોના ભાવિકો આરાધના કરે છે. આઠમના દિવસે બહેનો માતાજીને ચુંદડી ચડાવે છે, છેલ્લા દિવસે બધા ભાવિકોને આરતી વખતે દીવડાઓ અપાય છે. આનંદ ડેરીના મનીશ દંડ તરફથી દૂધપાક પીરસાય છે. અત્રે મોટા દેરાસર તથા છોટા દેરાસર તથા બાજુ બાજુમાં સ્થિત છે. વાસુપુજ્ય દાદાવાડીમાં દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે.

આ વખતે કચ્છી સમાજે કચ્છના મહારાજ સાહેબોનું પુજ્ય સાધ્વી સંયમગુણાજી (નાના આસંબીયા) અને પુજ્ય સાધ્વી હિતગુણાજી (બારોઇ) ચોમાસું કરાવેલ છે, જેમાં અચલગચ્છ અને ખરતરગચ્છના શ્રાવકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ઉપાસના કરી. અહીં સ્થાનકવાસી અને દેરાવાસી શ્રાવકો એકસંપથી ધાર્મિક આરાધના કરે છે.

### શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ, તિરૂપુર

અત્રે મંડળની ૮-૧૧-૨૦૧૮ના યોજાયેલ વાર્ષિક સામાન્ય સભામાં આગામી બે વર્ષ માટે પદાધિકારીઓની નિમણુંક થઇ હતી. તેમાં જ માનદ્‌મંત્રીઓમાંથી આપણી

જ્ઞાતિના સતીષ એચ. નાગડા પણ મંત્રીપદે નિયુક્ત થયા છે.

## કોઠારા મહિલા મંડળ

કોઠારા મહિલા મંડળ દ્વારા આયોજીત બે દિવસીય પ્રવાસ તીથલ. જેમાં ૨૧ બહેનો જોડાયેલી. તીથલમાં શાંતિ નિકેતનમાં રોકાણ કર્યું. ચિંતામણિ પાર્શ્વનાથની છત્ર છાત્રાયાં સેવા પૂજા, ચૈત્યવંદન, ગેમ્સ, હાઉઝી. બીચ પર મોજ મજા, બીચ ફેસ્ટીવલ, પરિચય મિલન. બીજા દિવસે સવારે બીચ પર મોર્નિંક વોક, સેવાપૂજા, સાઇબાબા મંદિર, સ્વામી નારાયણ મંદિર દર્શન કર્યા.

સવારની નવકારશી ના દાતા, મીતાબેન મહેનભાઇ લોડાયા (અજાણી), બપોરના જમણવારના દાતા માતુશ્રી કાન્તાબાઇ ગોવિંદજી લોડાયા (અજાણી), સાંજના જમણવારના દાતા માતુશ્રી લીલાવંતી કુંવરજી ધરમશી અને માતુશ્રી રતનબેન મણિલાલ નાગડા. રાત્રે આઇસ્ક્રીમના દાતા જયોત્સનાબેન જયેશ ભાઇ અને દિપાબેન પ્રદિપભાઇ. બીજા દિવસની નવકારશીના દાતા માતુશ્રી રમીલાબેન શીવજી લોડાયા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રીમતી કલ્પના ધરમશી, માનદમંત્રી પૂજા અજાણી, ખજાનચી ફાલ્ગુની નાગડા તથા કમીટી મેમ્બર્સના પ્રયત્નો હતા.

## પરબના દિવાળી પ્રકલ્પને અપ્રતીમ પ્રતિસાદ



આપણી જ્ઞાતિની અગ્રણી મહિલા તથા સમાજ કલ્યાણલક્ષી સંસ્થા પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા ફરી એક વાર એક અનોખી પહેલ કરવામાં આવી. દિવાળી દરમ્યાન પરબે મહિલા સશક્તિકરણ માટે એક નવતર પ્રયોગ કર્યો. પોતાના કળા-કૌશલને લઘુઉદ્યોગનું સ્વરૂપ આપવા ઉત્સુક એવી મહિલા સાહસિકોને પ્રોત્સાહન તથા પીઠબળ આપવાના હેતુથી પરબે, તેમના ઉમદા, વૈવિધ્યપૂર્ણ વ્યંજનોને એકઠાં કરી, એક અનન્ય 'ગિફ્ટ હેમ્પર'ના રૂપમાં મૂક્યાં. ઓટ્સ મખ્ખના અને ખજૂર જેવાં શક્તિવર્ધક, પોષક તત્વોથી બનેલા ઓટ્સ લાડુ, તજનાં કૂકીઝ, સ્વાદિષ્ટ મસાલા પકવાન, સૂકા મેવાનો મુખવાસ અને ચાય મસાલો - આ સઘળીએ વસ્તુઓને એકત્રિત કરી, અત્યંત આકર્ષક પેકેજીંગ કરીને પરબે એ રીતે પ્રસ્તુત કર્યા કે જોતજોતામાં 'Festive Flavours' આ હેમ્પર્સના વેંચાણનો આંકડો ૧૦૦૦ ને પાર કરી ગયો ! ત્યારબાદ પણ ઓર્ડર્સનો ધસારો એવો ચાલ્યો કે પરબે, અનિચ્છાએ પણ, બુકિંગ બંધ કરવું પડ્યું.

## ટીના ધરમશીનું આગવું કામ



ટીના ધરમશીએ ૧૦૦ થી વધુ ટીવી શો ૨૦ ફિચર ફિલ્મ તથા ૧૦૦થી વધુ એડ. ફિલ્મોમાં પ્રોડક્શન ડીઝાઇનર તરીકે કામ કર્યું છે. જેમાં શોલે, સરકાર રાજ, અતિથિ કબ જાઓગે તુમ, સોનુ કી ટીટુ કી શાદી, જેવી ફિલ્મો તથા રાધા ક્રિષ્ણ, પોરસ, ઉડાન, તારક મહેતા કા ઉલટા ચશ્મા, લેડીઝ સ્પેશિયલ, તંત્ર, જેવા ટીવી શો મુખ્ય છે. વર્તમાનમાં તેઓ હોલિવુડની ફિલ્મ "Heidi the Qeen of Mountains" તથા સન્ની દેઓલની હિંદી ફિલ્મ 'પલ પલ દિલ કે પાસ'માં સેવા આપી રહ્યા છે. તેમને બેસ્ટ પ્રોડક્શન ડિઝાઇનરના કેટલાંક એવોર્ડ પણ મળ્યા છે.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૯-૧૨-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૯-૧૨-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૩૦-૧૨-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


**જાહેરાતો-સમાચારો મોકલવા માટે સંપર્ક**

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65**
મોબાઇલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)
ઉદયન લોડાયા - **98210 04296 / 87796 47886 / 022-2264 2495** (સાંજે ૫ થી ૭)

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૪-૧૮ | મુલુંડ | પ્રેહાન, રીધ્ધી, મોનીષ દિલીપ ખોના | ગોરખડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૧-૧૮ | પુણે | રોહિત કિશોર રાયમલ નાગડા | નલિયા | ૨૯ |
| | શીવડી | મિતાલી ભાવેશ વિસનજી દંડ | સાંધવ | ૨૪ |
| ૨૨-૧૧-૧૮ | થાણે | ભાવિન મહેશ લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | ૨૮ |
| | ડોમ્બીવલી | કીંજલ મેઘરાજ રતિલાલ મૈશેરી | જખૌ | ૨૭ |
| ૨૬-૧૧-૧૮ | ડોમ્બીવલી | હેમાંગ પ્રશાંત શામજી મોતા | સુખપર | ૨૬ |
| | ભાંડુપ | હર્ષિતા ગુલાબ ખીમજી પોલડિયા | ડુમરા | ૨૪ |
| ૦૨-૧૨-૧૮ | હુબલી | મયુર મહેશ પદમશી મોમાયા | વરાડિયા | ૨૮ |
| | ભાટાપારા | રશ્મી નરેન્દ્ર પદમશી દંડ | વરાડિયા | ૨૨ |
| ૦૯-૧૧-૧૮ | આદીપુર | સાગર મનોજ બાબુભાઇ લોડાયા | સાંધવ | ૨૩ |
| | આદીપુર | અક્ષી લહેરચંદ ઝવેરચંદ લાપસિયા | નલિયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૧૮ | ડોમ્બીવલી | દીપેશ ભરત મેઘજી ખોના | સાંધવ | ૨૯ |
| | ડોમ્બીવલી | પ્રિતી વેંકટેશ શિવાસ્વામી અય્યર | પલાલ્લડ | ૨૯ |
| ૦૩-૧૨-૧૮ | બીચ કેન્ડી | યશ વિક્રમશી કાંતિલાલ શેઠ | સુરેન્દ્ર નગર | ૩૨ |
| | મુલુંડ | નેહલ ભરત દામજી ધરમશી | કિઠારા | ૩૦ |
| ૧૮-૧૧-૧૮ | વાપી | રિતેશ પ્રદીપકુમાર વેરશી સાયલા | તેરા | ૨૭ |
| | ડોમ્બીવલી | રચના દત્તારામ તાંબે | ઓજરામ | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૧-૧૮ | ઔરંગાબાદ | જ્યોતી અગાખાન (કલ્પના જયંતીલાલ નાગડાની દિકરી) | ભરૂડીયા | ૪૩ |
| ૨૬-૧૧-૧૮ | અગાસ | પ્રફુલ જીવરાજ લોડાયા | કોઠારા | ૭૮ |
| ૨૯-૧૧-૧૮ | ડોમ્બીવલી | નારાણજી શીવજી લધા મૈશેરી | લાલા | ૮૭ |
| ૦૨-૧૨-૧૮ | મુલુંડ | રાજબાઇ પદમશી શીવજી દંડ | ભરૂડીયા | ૯૦ |
| ૦૩-૧૨-૧૮ | કાંદિવલી | જયચંદ દામજી મૈશેરી | લાલા | ૮૦ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શુશીલ નવીનચંદ્ર શાશ (સોની)**<br>(PS 4712) | બી - ૨૦૪, એસ્ટર બીલ્ડીગ, એવરસાઈન પાર્ક, વીણા દેસાઈ રોડ ,<br>અંધેરી (વેસ્ટ) -૪૦૦ ૦૫૮. મો.: 07720045905 |
| **ગોતમ માણકજી પાલાણી (ખોના)**<br>(PS 2843) | એ- ૧૭૦૩, NL આર્યવર્ત NL કોમ્પલેક્ષ, આનંદ નગર, દહીસર (ઈસ્ટ)<br>મુંબઈ - ૪૦૦ ૦૬૮. મો.: 09324681407 |
| **શ્રીમતી મંજુલા દામજી મૈશેરી**<br>(PS 849) | ૨૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી.મેહતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭ મો.: 02225069790 |
| **હિતેશ પ્રતાપ ખોના**<br>(PS 857) | ૪૦૫, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૭ |
| **તારાચંદ નેણશી મોતા**<br>(PS 1239) | બી-૫૦૭, નેહા અપાર્ટમેંટ, બડવાઇક હોસ્પીટલ ને સામને, એલબીએસ<br>માર્ગ, ભાંડુપ (વેસ્ટ),મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: 09664141700 |
| **દિનેશ ડુંગરશી શાહ (ધરમશી)**<br>(PS 1720) | બી-૩૦૨, સ્મિતા કો.હા.સો., ડો. આંબેડકર રોડ, મહાકવિ કાલિદાસ<br>હોલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 09323150303 |
| **હેમલતા અનિલ શાહ (નાગડા)**<br>(PS 5988) | ૧૩૦૮, મોન્ટે વિસ્ટા, મદલ મોહન માલવિયા રોડ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 09042721082 |
| **કુલિન પદમશી લોડાયા**<br>(PS 33) | એફ ૩૦૨, ત્રિજે માળે, મહેશ્વર નગર, એમ આઇ ડી સી,કોન્ડીવિટા,<br>અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૯૩. મો.: 08976012682 |
| **ઝવેરચંદ જે. લાલકા**<br>(PS 6521) | ૫૦૩ HR2, પુન્ય પર્વ, એપલ સરસ્વતિ હોસ્પિટલ પાસે, કદમ વાડી,<br>કોલ્હાપુર - ૪૧૬ ૦૦૮. મો.: 09373426333 |
| **મિતેશ નરેન્દ્ર ધરમશી**<br>(PS 4011) | એ ૧૧/૧૦૪, સંકેશ્વર નગરે, એ૧૦, એ૧૧ કો.હા.સો., જૈન મંદિર પાસે,<br>શેગાંવ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ)- ૪૨૧ ૨૦૧.<br>મો.: Mitesh 09930450940, Dharti 08080853092 |
| **રાજેન્દ્ર સુમનલાલ શાહ (દંડ)**<br>(PS 6732) | ગેટ નં ૨૨, પ્લોટ નં ૨, સુકૃતિ પિનેકલ, ૩૦૨ સી વિંગ, નિવૃતી નગર,<br>ગુજરાલ પેટ્રોલ પંપની પાછળ, જલગામ - ૪૨૫ ૦૦૧. |
| **શાતિલાલ લક્ષ્મીચંદ ધરમશી**<br>(PS 6908) | ૧૯, ગોકુલ નગર, ગનેશલાલ યાદવ માર્ગ, નાંદેડ ૪૩૧૬૦૨<br>મો.: 09175681139 |

## શ્રી દિલીપ નાગડા (ડેપ્યુટી કમીશનર ઑફ ઈન્કમટેક્ષ, મુંબઈ)



(તા. ૧૧-૯-૧૮ થી ૧૪-૯-૧૮) અંકારા-ટર્કી ખાતે હાલમાં OECD (ઑર્ગેનાઇઝેશન ફૉર ઈકોનોમિક કૉઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ)ની ટ્રેનીંગ અને કોન્ફરન્સ માટે શ્રી દિલીપભાઈ પસંદ થયા હતા. ચાયના-યુકે વેગેરે ૧૫ થી વધુ દેશોએ સદર કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ભારત વતી, તેમણે દેશમાં હાલમાં અમલી બનેલા BEPS (બેઈઝ ઈરોઝન એન્ડ પ્રોફિટશેરિંગ) પ્રોજેક્ટ અંગે પ્રેઝેન્ટેશન આપ્યું હતું. ભાગ લેનારા બધા દેશોમાંથી પ્રેઝેન્ટેશન આપનાર ફક્ત તેઓ એકલાજ હતા. ભારતના પ્રતિનિધિ તરીકે CBDT ના બે ડાયરેક્ટર લેવલના ઓફીસર પસંદ કરાયા હતા, જેમાં શ્રી દિલીપભાઈ નાગડા એક હતા, આ કૉન્ફરન્સમાં ભારતની કાર્યવાહી વિષે તેમણે આપેલા પ્રેઝેન્ટેશનને બુલંદ જયઘોષથી વધાવી લેવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય ટેક્ષેસનમાં મુંબઈમાં છેલ્લા ૪ વર્ષથી તેઓ સેવા આપે છે.

## માટુંગા (મુંબઈ)માં ક.દ.ઓ. કોરપોરેટર શ્રીમતી નેહલબેન અમર ભરત શાહ (ખોના)




૨૦૧૫માં નેહલબેન બીજેપીમાં જોડાયા. તેઓ સમાજ સેવક તથા એક N.G.O. (Young India Action Forum) માં ટ્રસ્ટી છે. છેલ્લા ૧૫ વર્ષથી તેઓ વેપારમાં પણ તેમના પિતાના ધંધામાં કાર્યરત છે. માટુંગામાં પોદ્દાર કોલેજમાંથી તેમણે B.Com કર્યું છે. તેમના પતિ શ્રી અમર ભરત શાહ (ખોના) કસ્ટમાઇઝડ ફર્નીચર તથા કોમ્પ્યુટર હાર્ડવેરના આયાત વ્યાપારમાં છે. તેમના ગ્રુપ લીડર શ્રી મનોજ કોઠારી સાથે તેમણે ગૌમાંસની (Beef) ખરીદવાને લગતી ટેન્ડર નોટીસ વિરૂધ BMC કમીશનર સાથે લેખિત કાર્યવાહી કરીને તાત્કાલિક પગલાથી નોટીસ પાછી ખેંચાવી લેવામાં સફળ થયા હતા. આ ગેરકાનૂની ટેન્ડર નોટીસ માટે શ્રી અજોય મહેતાએ સંબંધિત ડીપાર્ટમેનને શો કોઝ નોટીસ પણ આપી હતી. માટુંગા એરીયાના કોર્પોરેટર તરીકે પાર્કિંગની સગવડ વધારવી, સુધારા કરવા, બાળકો તથા વરિષ્ઠ નાગરિકો માટે સુંદર બગીચા બનાવવા, સૌ માટે સ્પોર્ટસની સગવડો પૂરી પાડવા તથા સ્વચ્છતાને પ્રાથમિકતા આપવાનું લક્ષ્ય ધરાવે છે. રાજકારણમાં કચ્છી ગુજરાતી મહિલા કોર્પોરેટર ભાગ્યેજ પ્રવેશ કરે છે તે સ્થિતિમાં સફળ કારકીર્દી માટે પ્રકાશ સમીક્ષાની શુભેચ્છા.

# અભિનંદન



## ચિ. વિધી પરેશ શાહ

ગામ : પરજાઉ

**ચિ. વિધી** એ SIES College of Management Studies માં **M.B.A. in Finance** માં **Top Rank** મેળવેલ છે. અને સાથે સમગ્ર મુંબઈમાંથી બધી Colleges માં Banking & Finance ની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

તા. ૨૬-૧૦-૨૦૧૮ના ચર્ચગેટ ખાતે **A. D. Shroff Memorial Trust** દ્વારા આયોજીત કાર્યક્રમમાં **Reserve Bank of India (RBI)** ના **Deputy Governer** શ્રી ડૉ. વિરલ આચાર્ય ના વરદ હસ્તે ગોલ્ડ મેડલ અને પુરસ્કાર થી સન્માનીત કરવામાં આવી હતી.

**ચિ. વિધી** એ પોતાના કુટુંબ અને ભાવી પુત્રવધુ તરીકે શ્રીમતી પ્રીતી પ્રકાશ શાહ (લોખંડવાલા) અને ભાવી જીવનસાથી પ્રિયંક પ્રકાશ શાહ ગામ સાંધવને ગૌરવ અપાવ્યું છે. ભવિષ્યમાં એ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે એવી જ અભિલાષા સહ...



**શ્રીમતી મિનલ પરેશ શાહ** (ઘાટકોપર - પરજાઉ)
**શ્રીમતી પ્રીતિ પ્રકાશ શાહ** (થાણા - સાંધવ)

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ...



જન્મ :
તા. ૨૦-૧૦-૧૯૫૧

અરિહંત શરણ :
તા. ૦૫-૧૨-૨૦૧૭

## અ.સૌ. સ્વ. કાંતાબેન સતીષચંદ્ર શીવજી લોડાયા

(ગામ મોટી ખાવડી - મુલુંડ)

શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
અંજલિ આપતા હૈયું રડે છે,
અકાળે છુટી ગયો આપનો સાથ એવી ફરિયાદ તો છે,
પણ, આશ્વાસન એટલું જ કે, સાથે કાયમ આપની યાદ તો છે.
વાત્સલ્યમૂર્તિ, પ્રેરણામૂર્તિ આપ હતા પરિવારના કેન્દ્રબિંદુ,
સહૃદયી, સરળ સ્વભાવી, આપ હતા પરિવારના સ્નેહસિંદુ,
ભાવથી કરી ધર્મનું આચરણ, તપથી તપાવ્યું તન...
સ્વાધ્યાય કેરી આરાધનાથી, કર્યું શુધ્ધ મન....
સુખ-દુ:ખ, કર્મ-ધર્મ બધું નિભાવ્યું વિશ્વાસથી
આપણા સ્નેહના સંબંધો અતૂટ રહેશે આપની સુવાસથી
સહુના દિલમાં જેમનું સ્થાન હતું. એવા પૂજ્ય આપને અમારા વંદન...

આપના ધર્માનુરાગી દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

**આપના પરિવારજનો**

**માતુશ્રી કમલબાઇ શીવજી પદમશી લોડાયા પરિવાર** (મોટી ખાવડી)
**માતુશ્રી શાંતાબેન વેરશી જેઠાભાઇ ધુલ્લા પરિવાર** (સેવક ભરૂડિયા)

| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.